नमःश्रीमन्मोहनाविजय सद्गुरुभ्य.

અર્હમ્

અનિત્યાદિભાવનાસ્વરૂપ

યોજક
જૈન શાસન રસિક પંડિતપ્રવર શ્રી મન્મોહન-
વિજય મહારાજ ચરણ રજસેવી શિષ્યાણુ
મુનિશ્રી પ્રતાપવિજયજી

છપાવી પ્રસિદ્ધ કર્તા
શા. માનચંદ વેલચંદ (હાથસણીવાલા)
ગાપીપુરા બડેખા ચકલા સુરત.
મૂલ્ય રૂા ૦-૪-૦

નિવેદન.

को देशः कानि मित्राणि क कालः को व्ययागमौ॥
कश्चाहं काच च मे शक्तिरिति चिन्त्य मुहुर्मुहु ॥ १ ॥

મારો દેશ કોણ છે! મારા મિત્રો કોણ છે! અને શું ખર્ચ છે! અને શું આવક છે! હું કોણ છું! મારી શક્તિ શું છે આ પ્રમાણે વારંવાર ચિંતવવું જોઈએ.

એક તો પાંચ પચાસ પત્રાત્મક બુક હોય તેમાં વળી પ્રસ્તાવના ચાર છ પાનાની (લાંબી) લખવી, એ, મને રુચ્યું નહી ત્યારે બીલકુલ કાંઈ લખવું નહી તે પણ ચાલુ જમાના પ્રમાણે (મારી દૃષ્ટીએ) ઠીક લાગતું નથી તેથી થોડુંક લખીશ

અનિત્ય, અશરણ, સંસારાદિ બાર ભાવના તથા મૈત્રી, પ્રમોદાદિ ચાર ભાવનાનું સમર્થન **કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્ર સૂરીશ્વર** કૃત યોગ શાસ્ત્ર તથા પ્રશમરતિ, તત્વાર્થ, શાંતસુધારસભાવના, અધ્યાત્મકલ્પદ્રુમ વિગેરે અનેક ગ્રંથોમાં તે તે મહાત્મા પૂજ્ય પુરુષોએ કર્યું છે પરંતુ તે સર્વ ગ્રંથો સંસ્કૃત ભાષામાં હોવાથી તે ભાષા નહિ જાણનારાને તે ભાવનાઓનું સ્વરૂપ સ્વયં સમજમાં આવવું મુશ્કેલી ભરેલું હોય તે નિર્વિવાદ છે અને આ ભાવનાઓ સંસારથી ભય પામતા દરેક ભાઈ બહેનોએ નિરંતર ધ્યાનમાં રાખવા જેવી છે

જો કે યોગ શાસ્ત્ર તથા શાંત સુધારસનો ગુર્જર ભાષામાં અનુવાદ થયેલ છે. કિંતુ બધા (સામાન્ય જનોપણ) તેનો લાભ મેળવી શકતો હોય તેમ મને ન દેખાયું તેથી મારા પરમ પૂજ્ય પરમોપકારી શાંતાત્મા ગુરૂ શ્રી ૧૦૦૮ શ્રી મન્મોહન વિજયજી મહારાજની પ્રેરણા પૂર્વક તેઓશ્રીની સુદષ્ટીથી (સર્વોપયોગી) આ પુસ્તક લખવા શરૂ કર્યું પરંતુ મારો તો આ પ્રથમજ પ્રયાસ હોવાથી કેમ લખવુ લખવા છતાં શું ઉપયોગી થશે ? આમ અનેક વિચારોના ગોટા ફેલાયા શ્રી ગુરૂ મહારાજની કૃપાથી (વિચાર વમળમા રહેવા છતા) લખવા માંડયું, આ એક મહોટી મુશીબત તો હતી ત્યા બીજી મુશીબત આવી પડી તે એ હતી કે આ પુસ્તક થોડા વખતમા એટલે એક માસમા લખાઈ, છપાઈને પ્રકટ થવુ જોઇએ મારા વાચક પ્રિયો! આપ વિચારશો ? કે મારે આ ગ્રંથ લખવામા કેવો પ્રસંગ આવ્યો

ખેર ધૈર્ય તોપણ રહ્યું કેમ ન રહે! હતી ગુરૂ શ્રીની પૂર્ણ કૃપા.

બસ આટલુ પણ લખવાનુ કારણ બીજુ કાંઈ નથી કારણ માત્ર એજ છે કે એક તો મારો પ્રથમ પ્રયાસ (અભ્યાસ), અને વલી સાથે પૂર્વોક્ત મુશીબતોને લેઈને આ પુસ્તકનુ લખાણ સાક્ષર વર્ગ ને પ્રિય ન થાય તે સાહજિક છે છતા તે દષ્ટી ન રાખત બાલકની તોતડી બોબડી વાણી તરફ જેમ આનંદ આવે છે અને તેને બધારે બોલવા શીખવાય છે. તેવીજ દષ્ટી મારા તરફ રાખવા

વિનતી છે આ પુસ્તકે ક્રમના યોગશાસ્ત્ર તથા શાંતસુધારસનો ખાસ આશ્રય લીધો છે નિર્વિઘ્ન ગ્રંથ સમાપ્તિ કરવામા પૂર્ણ મદદગાર તેમજ શાસ્ત્ર દૃષ્ટિ વિરૂદ્ધ લખાણથી બચાવનાર તથા કેટલેક સ્થલે અવશ્ય કરવા યોગ્ય સૂચનાઓ આપી મને ઋણી કરનાર મારા પૂજ્ય ગુરૂશ્રીનો પૂર્ણ ઉપકાર માનવા પૂર્વક તેઓશ્રીને આ કાર્યમા થયેલ શ્રમની ક્ષમા તેઓ શ્રી પાસે યાચુ છુ સુરત (વડા ચૌટા) ના રહીશ શ્રાવક વર્ય મોતીચંદ હેમચંદે આ ગ્રંથ છપાવવામા પોતાના દ્રવ્યનો સદુપયોગ કર્યો છે તે કાર્ય પ્રશંસવા જેવુ છે અન્ય શ્રાવક ભાઇઓ પણ ચપલ લક્ષ્મીનો સદુપયોગ કરવા આ ધડો લેશો

પ્રુફ વિગેરે બરાબર તપાસવા છતા ભૂલ રહેલ હોય તે સજ્જનો સુધારી લેશે.

લે. પરમપૂજ્ય શાસનરસિક **શ્રી મનમોહનવિજયમહારાજ**

ચરણકમલ સેવી.

સુરત (વડા ચૌટા)
શ્રાવણ કૃષ્ણ ૧૦
વીર સંવત્ ૨૪૪૧

શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર.

મોટા ટાઇપથી તેમજ નવ સ્મરણ તથા પુન્યપ્રકાશ સ્તવન તથા જીવવિચાર આદિ ચાર પ્રકરણો પણ અંદર આવેલા છે વળી પોકેટ સાઇઝ ખીશામા રાખી શકાય તેવી અને કાગળો જાડા, ચીકણા અને સફાઇદાર હોવાથી પુસ્તક નાજુક લાગે છે વળી મુસાફરીમા અગવડ ન પડે તથા ખીશામા રહી શકે તેમ ધારી પોકેટ સાઇઝમા છપાવેલ છે આવુ પુસ્તક હજુ સુધી કોઇ જગાએ બહાર પડયુ નથી અને કીંમત પણ સર્વ જૈન ભાઈઓ તથા બહેનોને ઉપયોગી થઈ પડે તેને માટે ફક્ત ૦-૯-૦ રાખવામા આવેલી છે પણ આપણા પર્યુસણ પર્વના તહેવારને લીધે તથા કારતક સુદી પુનેમ સુધીમા ચતુર્માસને લીધે નવા ગ્રાહકો વિશેષ થઇ શકે તેમ ધારી ફક્ત ૦-૫-૦ રાખવામા આવી છે પોસ્ટેજ જુદુ

મળવાનુ ઠેકાણુ તથા પત્રવ્યવહાર

શા માનચંદ વેલચંદ (હાથસણીવાલા)

ગોપીપુરા બડેખા ચકલા—સુરત

અર્હં

નમઃ શ્રીમોહન વિજય સદ્ગુરૂભ્યઃ

ઓમ્

અનિત્યાદિ ભાવનાનું સ્વરૂપ.

મંગલમ્

प्रणम्य शंकर वीरं, हेम च गुरुमोहनम्,
करोमि भावनाख्यानं, योगशास्त्राद्यनुक्रमात् ॥ १ ॥

श्रीअर्हद्भ्योनमः—હમેશા કોઇપણ ગ્રંથનો આરંભ કરવો હોય તો, પ્રથમ મંગલ—એટલે ઇષ્ટ દેવગુરૂને નમસ્કાર કરવો જોઇએ, જેથી આરંભેલ ગ્રંથ નિર્વિઘ્ન સમાપ્ત થાય "આવો ખાસ નિયમ છે" તેમજ શિષ્ટપુરૂષોનો આચાર હોવાથી, અવશ્ય ઇષ્ટદેવને નમસ્કારરૂપ મંગલ કરવું જોઇએ.

प्रणम्येति—જન્મ, જરા, મરણ, શોકાદિ દુઃખોથી પીડાતા, સંસારમાં રઝલતા જીવોને (**शंकरं**) શાંતિને કરવાવાલા એટલે જન્મ-જરાદિ દુઃખોને ટાલી, યાવત્ મોક્ષ સુખને આપનારા શ્રી (**वीरं**) આત્મોપકારી ચરમ તીર્થંકર શ્રીમહાવીર પ્રભુને (**प्रणम्य**) મન, વચન.

કાયાને નમસ્કાર કરીને અને કલિકાલ સર્વજ્ઞ બિરૂદધારી શ્રીમદ્ હેમચંદ્ર સૂરીશ્વર તથા મારા પરમ ઉપકારી પૂજ્યપાદ ગુરૂ શ્રી **મોહનવિજયજી** મહારાજજીને નમસ્કાર કરીને યોગશાસ્ત્રાદિ ગ્રંથના આધારે ભાવનાનુ સ્વરૂપ એટલે અનિત્યાદિ બાર ભાવના તથા મૈત્ર્યાદિ ચાર ભાવનાનુ સ્વરૂપ કહુ છુ (લખુ છુ).

આ અનંત દુઃખમય સંસારથી મુક્ત થઈ મોક્ષ સુખ મેળવવાની ઈચ્છાવાલા પ્રાણીઓએ દુઃખનાશક અને મોક્ષસાધક કારણો અવશ્ય મેલવવા જોઇએ જો કે તેવા કારણો અનેક છે તોપણ તેમા મુખ્યકારણ **મનની શાંતિ** છે. એટલે મનોજય કરવો તે છે **यदुक्तं**= **दीपिकाखल्वनिर्वाणा, निर्वाणपथदर्शिनी, एकैवमनसःशुद्धिः, समाम्नातामनीषिभि.** ॥ १ ॥ વિદ્વાન્ પુરૂષોએ નહિ બુજાય તેવી દીપિકા સમાન મનશુદ્ધિનેજ મોક્ષમાર્ગ દેખાડનારી કહેલ છે અર્થાત્ મનશુદ્ધિ મોક્ષ આપનારી છે. ૧

મનોજય પણ અનિત્યાદિ શુભ ભાવનાથી થાય છે, તેથી પ્રથમ ભાવનાઓનુ સ્વરૂપ જાણવુ આવશ્યક છે.

શ્રીકુમારપાલ પ્રતિબોધક પૂજ્યગુરૂશ્રી હેમસૂરિએ યોગશાસ્ત્રમા ભાવનાના નામો આપેલ છે.

यत: अनित्यतामशरणं, भवमेकत्वमन्यतां,

अशोचमाश्रवविधिं, संवरंकर्मनिर्जराम्. ॥१॥
धर्मस्वाख्याततांलोकं. द्वादशींबोधिभावनां,
मैत्रीप्रमोदकारुण्य माध्यस्थानि नियोजयेत् ॥२॥
(योगशास्त्रचतुर्थप्रकाशः)

ભાવના એટલે શુ-**भाव्यते आत्मा मोक्षाभि स्वीक्रियते ययासा भावना** એટલે જેનાથી આત્મા મોક્ષ સન્મુખ કરાય, તેને ભાવના કહે છે. તે અનિત્યાદિ બાર મૈત્ર્યાદિચ્યાર છે જેના નામો આ પ્રમાણે કહેલ છે. ૧ અનિત્યભાવના. ૨ અશરણભાવના. ૩ સસાારભાવના ૪ એકત્વભાવના ૫ અન્યત્વભાવના. ૬ અશુચિભાવના. ૭ આશ્રવભાવના. ૮ સવરભાવના ૯ (કર્મની) નિર્જરાભાવના. ૧૦ ધર્મ (સુઆખ્યાત) ભાવના ૧૧ લોકભાવના ૧૨ બોધિભાવના-૧ મૈત્રી ભાવના ૨ પ્રમોદભાવના ૩ કરૂણાભાવના. ૪ માધ્યસ્થભાવના-આ ભાવનારૂપ શસ્ત્રો (કારણો) થી મનનો જય કરી યાવત્ મુક્તિ સુખ પ્રાપ્તિ માટે ભવ્ય જીવોએ યત્ન કરવો.

શ્લોક, અર્થ તથા વિવેચનસહ ક્રમવાર અકેક ભાવનાનુ સ્વરૂપ.

પહેલી અનિત્ય ભાવના.

यत्प्रातस्तन्न मध्यान्हे, यन्मध्यान्हे न तन्निशि;
निरीक्ष्यते भवेस्मिन्हा, पदार्थाना मनित्यता ॥१॥

शरीरं देहिनां सर्व, पुरुषार्थ निबंधनम्;
प्रचंड पवनोद्धुत, घनाघनविनश्वरं ॥२॥
कल्लोल चपला लक्ष्मीः, सगमा स्वप्नसंन्निभाः,
वात्या व्यतिकरोत्क्षिप्त, तुलतुल्यंच यौवनम् ॥३॥

અર્થ-અરે ભાઈ ! જે વસ્તુ (પદાર્થ) પ્રભાતે (સવારે) અતિ શોભાવાલી, લોકોના મનને આકર્ષણ કરનારી, હોય છે તેજ મધ્યાન્હે ને સ્વરૂપમાં (બપોરે) જણાતી નથી. જે મધ્યાન્હે જોવાય છે, તે રાત્રે દેખાતી નથી હહા ! આ સસારમા દરેક પદાર્થ (આત્માને છોડી) આવી અનિત્યતાવાળા છે ૧

અરે ! સર્વ પુ ષાર્થના સાધનભૂત જે આ શરીર છે, તે પણ જોત જોતામા નષ્ટ થઈ જાય છે જેમ આકાશમા એકાકાર દેખાતુ વાદળ ઘણા જોરવાળો (પ્રચડ) પવન આવતાવારજ છિન્નભિન્ન થઈ જાય છે ૨

મમુદ્રના કલ્લોલો જેવા ચપળ છે, આ લક્ષ્મી પણ તેવીજ ચપળ છે ક્ષણમા નાશ પામી જાય છે માતપિતા, ભાઈબિહેન, સ્ત્રીપુત્રાદિ કુટુબનો મેલો (સબંધ) સ્વપ્નતુલ્ય છે. આ યૌવન (જુવાની) તો વાયરાના ઝુડથી ઉડેલ આકડાના રૂના જેવુજ છે ૩

વિવેચન-હે ! ભવ્યો ! આંખો મીંચીને હૃદયમા સારી રીતે વિચારો. જે આ ચરાચર સસારમા ઉત્તમ પુરૂષોને આનદ માટે, અચલ સુખ માટે જગતમા વર્તતા પ્રત્યક્ષ વા પરોક્ષ પદાર્થોમા કયો પદાર્થ છે

જ્ઞાનદર્શન ચારિત્ર (રત્નત્રય) વિના કોઈપણ નથી. કારણ આયુષ્ય જો કે સર્વ પુરૂષાર્થના સાધનરૂપ છે છતા વાયુના ચપળ જે તરગો તેથી પણ તે અધિક ચપળ છે. સ્થાવર જગમ સર્વ સપત્તિઓ પણ વિપત્તિઓ (દુ ખો) યુક્તજ છે પાચ ઇંદ્રિયના વિષયો સધ્યાના વાદલ જેવા છે જેમ સવારે અને સાજે પાચ વર્ણથી સુદર એવા વાદળા જરાવારમા નષ્ટ થઈ જાય છે, તેવુ પાચ ઇંદ્રિયોનુ સુખ છે મિત્ર, સ્ત્રી, માતપિતા, ભાઈબ્હેન તેનાથી થતુ સુખ પણ ઇંદ્રિજાલ અથવા સ્વપ્નની ઉપમાવાળુ છે, તેથી રત્નત્રય વિના બીજા કોઇપણ પદાર્થો ખરા સુખને આપનાર નથી. ! અરે મૂર્ખ ! તુ તારા મનથી સ્ત્રી કુટુબ નોકરચાકર ગાડીઘોડા પૈસો વિગેરે મારા માની વ્યર્થ મોહમા પડી ખોટા આનદમા મશગુલ થઈ પડયો રહે છે પરતુ એટલુ વિચાર ! કે જેમ પાણીના પરપોટો અથવા પાદડા ઉપર રહેલ જલબિંદુ–પવનનો ઝપાટો આવતાજ તુર્ત ટપકી જાય છે, તેમ તારૂ શરીર ને આયુષ્ય પણ રોગાદિ પવનનો ઝપાટો આવતાવારજ વિણસી જાય છે. અર્થાત્ શરીરાદિ (પોતાને સ્વાધીન છતા) પણ તારા થતાં નથી તો બાજા

ઉપર મોહ રાખવો તે અયોગ્ય કેમ ન ગણાય.

આ યૌવનમા જે કામિનીઓ અતિ મોહિત થઇ પાસ છોડતી નહતી, તેજ કામિનીઓ વૃદ્ધાવસ્થામા તેજ પુરૂષના સામુ જોવુ તો રહ્યું કિંતુ તેના ઉપર +થુત્કાર કરે છે. યૌવન આવી વિલક્ષણ સ્થિતિવાલુ છતા અવિવેકીજનો સ્ત્રીઓને વશ થઇ કડવા ફળ આપનાર વિષયાદિને અનિત્યરૂપ જોઇ શકતા નથી એજ ખેદની વાત છે.

વજ્રના જેવા દૃઢ શરીર ઉપર પણ અનિત્યપણુ આવી બેસે છે તો કેલના ગર્ભ સદૃશ હાલના શરીરનુ શુ ગજુ? આ અસાર દેહને કાયમ રાખવા પ્રયત્ન કરનાર પ્રાણીએ સડી ગયેલ ઘાસના પુળાને મજબુત કરવા કોશેશ કરવા જેવુ છે કાલના મુખમાં પડેલ પ્રાણીનુ મત્ર તત્ર મહા ઔષધીઓથી કોઈ રક્ષણ કરી શકનાર નથી

હજુ આશાઓના તરગમા ડુબેલ જીવ મ્હોટા મ્હોટા વિચારો બાંધે છે. ત્યાતો વૃદ્ધાવસ્થા આવી સપડાવે છે તેણીને આવી જાણી યમરાજ તુરત દોડી આવે છે. આવા વિનશ્વર દેહને ધિક્કાર છે

અરે જેઓ પૃથ્વીને છત્ર બનાવવામા, મેરૂને દડ રૂપ કરવા પૂર્ણ સમર્થ હતા, તેઓ પોતાના કે બીજાના મરણથી રક્ષણ કરી શક્યા

+થુક નાખે છે.

નથી તો પામર જીવ તુ મોહના પાશમા પડી શાને એમ વિચારે છે. જે, હુ ગમે તે ઉપાયે શરીરનુ રક્ષણુ કરીશ. હમણા મને યમરાજ લેવા આવવાનો છે. એમ જાણુનાર કયો પુરૂષ ભોજનનો કોલીઓ (કવલ) પણુ મુખમા લેશે તો પાપ કર્મમાતો પડેજ શાનો? રાજા, રંક, પંડિત, મૂર્ખ, સજ્જન, દુર્જન યાવત્ કીડાથી ઇંદ્ર પર્યંત કોઇની પણુ ત્યા શરમ સીફારસ યા લાચ કાઇપણુ ચાલતુ નથી ધનની અનિત્યતા માટે શ્રી હેમચંદ્ર સૂરિ કહે છે

यतः यदर्जितं बहु क्लेशै, रभुक्त्वा यच्चपालित,
तथापि क्षण मात्रेण, निधन धनिनां धनम्. ॥१॥

જે ધન ઘણા પ્રયત્ને ભેગું (પેદા) કયુ, એટલુજ નહી પરંતુ ભોગમા પણુ ન લેતા તેને સાચવવા રક્ષણુ કરી રાખ્યુ છતા ક્ષણુ વારમા ધની લોકોનુ ધન નષ્ટ થઇ જાય છે તે પણુ અનિત્યજ છે. ત્યારે તેમા પણુ ગર્વ શુ કરવો. જે મિત્ર, બંધુ સ્ત્રી સાથે ક્રીડા કરતા હતા, જે માતા પિતા પુત્રાદિની ભોજન આભૂષણુ સ્તુતિઓથી સેવા કરતા હતા, જે વિદ્વાન, પુરૂષો સાથે પ્રીતિ વાક્યો બોલતા હતા તે લોકોને ભસ્મી ભૂત (રખ્યાના ઢગલા રૂપ) થયેલ જોતા છતા નિઃશંક પણે રહીયે છીએ એટલે એમજ ધારે છે જે હુ અજરામર છુ મારી પાસે તો મૃત્યુ આવનારજ નથી આ કેટલો અવિવેક તથા પ્રમાદ છે? એક મહાત્મા લખે છે—

बद्धायेनदशाननेननितरां खट्वैकदेशेजरा,
द्रोणाद्रिश्च समुद्धृतोहनुमता येनस्वदोर्लीलया ॥
श्रीरामेण च येनराक्षसपति स्त्रैलोक्यवीरोहतः ।
सर्वे तेपिगताक्षयं विधिवशात् कान्येषुतद्रो'कथा ॥१॥

મહાન્ એવી પોતાની શક્તિથી જેણે [1]જરા (વૃદ્ધાવસ્થા)ને ખાટલાને એક ખુણે બાંધી એવો પણ રાવણ તથા પોતાના હાથની લીલાથી દ્રોણાદ્રિ પર્વત ઉપાડી લીધો હતો એવા પ્રરાક્રમી જે હનુમાન અને ત્રણ લોકમા વીરના નામથી પ્રસિદ્ધ રાક્ષસપતિ (રાવણ) જેવાને માર નાર શ્રી રામચંદ્ર પણ કર્મવશથી ક્ષય થયા છે તો બીજાની શી વાત કરવી અર્થાત્ મહાયોદ્ધાઓ મંત્ર વિદ્યાઓ જેને સિદ્ધ થયેલ હતી એવા મહા પુરૂષો પણ નાશ પામ્યા તો પછી સામાન્ય પ્રાણીની શી ગુંજાશ હતી કે બચવા પામે

इत्यनित्यजगद्वृत्त, स्थिरचित्तःप्रतिक्षणम्,
तृष्णाकृष्णाहिमंत्राय, निर्ममत्वायचिन्तयेत् ॥१॥

તૃષ્ણા રૂપ કાલા સર્પના મંત્ર ભૂત નિર્મમત્વ (વીતરાગ દશા)

---

૧ અન્ય દર્શની એમ માને છે કે રાવણે જરાને ખાટના ખુણે બાંધી હતી અહીં તો માત્ર શક્તિ ઉપર જોવાનું છે

ને માટે પૂર્વોક્ત જગતના સ્વરૂપને શાંત ચિત્ત રાખી વારંવાર વિચારવુ આ અનિત્ય ભાવના ભાવતા મહાત્મા અર્ણિકા પુત્ર કરક ડુ મુનિ સનત્કુમારચક્રવર્તિ પ્રમુખ અનેક મહા પુરૂષોએ આત્મહિત સિધ્ધ કરેલ છે.

અર્ણિકા પુત્રનું દૃષ્ટાંત નીચે આપ્યુ છે.

ઉત્તર મથુરામા રહેનાર દેવદત્ત વણિક્ ધન મેલવવા દક્ષિણ મથુરામા ગયો ત્યા જયસિહ વણિક્ પુત્ર સાથે મૈત્રી થવાથી તેને ઘેર જમવા એક વખત જવુ થયુ તે સમયે પીરસવા આવેલ જયસિહની બહેન અર્ણિકાના રૂપ સોન્દર્યાદિ દેખી તેના ઉપર મોહિત થયો બીજેજ દિવસ જયસિહ પાસે માગણી કરી "તેણીને પરણ્યા પછી કાયમ મારા ઘરમાજ રહેવા બધાય તેની સાથે લગ્ન કરવા મારી પ્રતિજ્ઞા છે" આવુ જયસિહનુ વાક્ય સાભળી દેવદત્તે તે સ્વીકાર કર્યો. સ્ત્રીવશ પ્રાણી શુ ન કરે ? કેટલોક સમય વિત્યા બાદ દેવદત્તના માતા પિતાએ અમે વૃદ્ધ હવે તારો વિરહ સહી શકતા નથી માટે અહીં આવી તારૂ મુખ દેખાડ આ હકીકતનો એક પત્ર દેવદત્તને મળ્યો વાચી દુઃખસાગરમા નિમગ્ન થયો કારણ પ્રતિજ્ઞા કરેલ છ કે શ્વશુરગૃહમાજ રહેવુ જોઇએ સ્ત્રીને વાત જણાવી તેના મારફત જયસિહને સમજાવી તેમની સમતિ પૂર્વક ત્યાથી પિતાને મળવા પ્રયાણ કર્યું માર્ગમા અર્ણિકાએ પુત્રનો જન્મ આપ્યો તેનુ નામ જોકે સધીરણ રાખેલ હતુ, છતા લોકો તેને અર્ણિકા પુત્રથી સબોધતા હતા તેથી તેજ નામ પ્રસિદ્ધિમા રહ્યું અનુક્રમે

યૌવન પામ્યો ગુરૂ પાસે ધર્મોપદેશ સાભળતા વૈરાગ્યથી જયસિહ આચાર્ય પાસે વ્રત ગ્રહણ કર્યું વિનયપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરી આચાર્ય પદ પ્રાપ્ત કર્યું. શિષ્યોસહિત ગ્રામાનુગ્રામ વિચરતા પુષ્પભદ્ર નગરમા પધાર્યા. આ નગરમા પુષ્પકેતુ રાજા રાજ્ય કરતો હતો તેની પુષ્પવતી રાણીએ બે બાલકનો જન્મ આપ્યો, જેમા પુત્રનુ નામ પુષ્પચુલ-પુત્રીનુ પુષ્પચુલા હતુ બન્નેની પરસ્પર પ્રીતિ અત્યન્ત જોઇ રાજાએ નીતિ વિરૂદ્ધ બન્નેના પરસ્પર લગ્ન કર્યા આ અનીતિ રાણી સહન ન કરી શકી અને આવુ દુષ્કર્મ જોઇ વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી તીવ્ર તપશ્ચર્યા કરી દેવતાપણે સ્વર્ગમા ઉત્પન્ન થઇ, ત્યા અવધિજ્ઞાનથી પુત્ર પુત્રીનુ અકૃત્ય જોઈ પોતે દૈવમાયા કરી નરકનુ સ્વરૂપ પુષ્પચુલાને સાક્ષાત્ બતાવ્યુ તેણી ભયભીત થઇ રાજાને કહ્યુ તેણે પણ અનેક શાતિના ઉપાયો કરાવ્યા છતા શાતિ ન થતા નિરતર તેવુજ સ્વરૂપ દેખાવા લાગ્યુ છેવટે રાજાએ દરેક ધર્મના આચાર્યોને બોલાવીને પુછ્યુ જે નરકનુ સ્વરૂપ કેવુ હોય તેમા કોઇએ ગર્ભાવાસ જેવુ, કોઇએ દારિદ્રય જેવુ કહ્યુ યથાર્થ સ્વરૂપ કોઇએ કહ્યુ નહી અંતે અર્ણિકાપુત્ર આચાર્ય પાસે જઈ રાજાએ પુછ્યુ ગુરૂએ યથાર્થ ઉત્તર આપ્યો રાણી પુષ્પચુલાએ નરકગતિ શુ પાપ કરવાથી મળે તે પુછ્યુ ગુરૂએ હિસા કરવાથી, ગુરૂનિદા કરવાથી વિગેરે કારણો બતાવ્યા પુનઃ તેની

માતા જે દેવતા થયેલ છે તેણે સ્વર્ગનુ સ્વરૂપ બતાવ્યુ§ તે પણ પૂર્વોક્ત રીતે આચાર્યને પુછવાથી યથાર્થ ઉત્તર મળતા રાણી પ્રતિબોધ પામી વ્રતગ્રહણ કરવા પતિની આજ્ઞા માગી—મારા ગામમા રહી વ્રત પાલે તો આજ્ઞા આપુ તે સ્વીકાર કરી આચાર્ય પાસે વ્રત લઇ શુદ્ધ આહાર ગ્રહણ કરી ચારિત્ર પાલતી હતી. એક વખત શાસ્ત્રના ઉપયોગથી આચાર્યએ મ્હોટો દુષ્કાલ પડશે જાણી પોતાના શિષ્ય સમુદાયને દેશાંતર મોકલી દીધો અને પોતે વૃદ્ધત્વથી અશક્ત હોઇ ત્યાજ રહ્યા પુષ્પ ચુલા સાધ્વી (જે રાણી દીક્ષા લઈ ત્યાજ રહેલ છે તે) ગુરૂને શુધ્ધ આહારાદિ લાવી આપતા શુદ્ધ સેવાના પ્રભાવથી કેવલ જ્ઞાન પામી છતા ગુરૂની સેવા કરતી રહી એક વખત વર્ષાદ આવતાં ગુરૂને આહાર લાવી આપ્યો તેથી આચાર્યએ પુછ્યુ જે વર્ષાદ છતા આહાર કેમ લાવી તેણીએ કહ્યુ જે અચિત્ત પ્રદેશ હતો તે તે સ્થલેથી યત્ન પૂર્વક લાવી છુ અચિત્ત પ્રદેશ શાથી જાણ્યો એમ ગુરૂએ પુછ્યુ ત્યારે તેણીએ કહ્યુ આપની કૃપાથી? ગુરૂએ પ્રતિપતિજ્ઞાન છે કે અપ્રતિપ્રતિ એમ પુછતા સાધ્વીએ અપ્રતિપતિ અર્થાત્ કેવલજ્ઞાન થયુ છે એમ કહ્યુ આચાર્યએ ઉભા થઈ મિથ્યા દુષ્કૃત માગ્યુ હા! મેકેવલીની આશાતના કરી આમ વારવાર કહેતા આત્મનિંદા કરવા લાગ્યા અંતે

§ આ સબધિ વિશેષ હકીક્ત બીજા ગ્રથોથી જોવી અહીં તે પ્રસ્તુત વિષયમા જરૂર ન હોવાથી ટુકામા ચરિ છે.

સાધ્વીને પુછ્યુ હુ સિદ્ધિ પામીશ કે નહીં? આપને ગગા નદી ઉતરતા કેવલ જ્ઞાન પ્રાપ્ત થશે એમ પુષ્પ ચુલા સાધ્વીએ કહેતા આચાર્ય ઘણા લોકો સાથે ગગા નદી ઉતરવા નાવમા બેઠા પરતુ જે બાજુ તે બેસે તે બાજુ એ નાવ નમવા લાગ્યુ એવી રીતે દરેક બાજૂએ સૂરિ બેઠા, એટલે તે દરેક સ્થાન નમવા લાગ્યુ, પછી સૂરિ મધ્યમા બેઠા, ત્યારે આખુ વહાણ ડુબવા લાગ્યુ (આચાર્યે પૂર્વે ભવમા પોતાની સ્ત્રીનુ અપમાન કર્યુ હતુ તે સ્ત્રી વ્યન્તરી થઇ હતી તે આ પ્રમાણે સૂરિને ઉપદ્રવ કરતી હતી) તેથી લોકોએ આચાર્યને ઉપાડીને જલમા નાખ્યા તે વખતે પેલી વ્યન્તરીએ જળમા શળી ઉભી કરીને તેમા આચાર્યને પરોવ્યા તોપણ મહાત્મા આચાર્યતો "અહો? મારા દેહના રૂધિર વડે અપૂકાયના જીવો મરણ પામે છે અહા આ શરીર અનિત્ય છે તેમા મોહ કરવો નિરર્થક છે ભવોભવ જન્મ જરાના દુઃખોને ઉત્પન્ન કરનાર મમત્વ ન કરવું જોઇએ આમ શરીરાદિની અનિત્યતાને વિચારતા સર્વે કર્મ ક્ષય કરી કેવલ જ્ઞાન ઉપાર્જન કર્યુ આયુષ્ય પૂર્ણ થવાથી અતકૃત કેવલી થઈ મોક્ષે ગયા ત્યા દેવોએ આવી તેનો કેવલ મહોત્સવ કર્યો ઈતિ દૃષ્ટાત.

પહેલી ભાવના સંપૂર્ણ.

બીજી અશરણ ભાવના.

इन्द्रोपेन्द्रादयोप्येते, यन्मृत्योर्यांतिगोचरम्,
अहोतदन्तकातंके, क'शरण्यःशरीरिणाम् ॥१॥
पितुर्मातु स्वसुर्भ्रातु, स्तनयाना च पश्यताम्,
अत्राणो नीयतेजन्तुः, कर्मभिर्यम सद्मनि ॥२॥
शोचन्ते स्व जनानन्तं, नीयमानान् स्वकर्मभिः,
नेष्यमाणं तु शोचन्ति, नात्मान मूढ बुद्धयः ॥३॥
संसारे दुःखदावाग्नि, ज्वलज्ज्वालाकरालिते;
वने मृगार्भकस्येव, शरण नास्ति देहिनाम् ॥४॥

અર્થ—અરે ! ઇંદ્રિ, ઉપેન્દ્ર (વાસુદેવ) આદિ પણ મરણને વશ થાય છે તો તે મરણ પ્રાપ્ત થયે છતે આ ક્ષુલ્લક પ્રાણીને કોણ શરણ યોગ્ય છે એટલે ઇંદ્રાદિને પણ મરણથી બચાવવા કોઈ સમર્થ ન થયુ તો આપણા જેવાને કોણ બચાવવા સમર્થ થાય ૧

શરણરહિત આ પ્રાણીને પિતા, માતા, બ્હેન, ભાઈ, પુત્રાદિના જોતા જોતા કર્મો યમના ઘરમા લઈ જાય છે અર્થાત માતપિતાદિ ટગર ટગર જોઈ રહે છે પરતુ યમના હાથમાથી છોડાવી શકતાં નથી ૨

મૂઢ બુદ્ધિવાલા લોકો પોતાના માણસોને કર્મોવડે મરણ પામતા

દેખી શોચ કરે છે. પરંતુ પોતાને પણ તે કર્મો ખેંચી જાશે તેનો કિંચિત્ પણ વિચાર (શોચ) કરતા નથી ૩

દાવાનલની બળતી જ્વાલાઓથી બિહામણા થયેલ વનમા મૃગ બાલકનુ રક્ષણ કરનાર (શરણ) કોઈ નથી તેમ દુ ખરૂપ બલતી જ્વાલાઓથી ભયકર સસારરૂપ વનમા પ્રાણીઓને કોઈ શરણ (બચાવનાર) નથી ૪

વિવેચન—જેઓ અતુલ પરાક્રમથી છ ખડ પૃથ્વીને જીતી સપૂર્ણ શોભી રહ્યા હતા. એવા ચક્રવર્તિ રાજાઓ અને બલના અતિ અહકારવાલા જે દેવતાઓ સર્વથા આનદમા સમય ગાલતા હતા. તેઓ પણ યમના હાથે પીડાતા શરણ માટે ચારે દિશામા જોઈ રહ્યા છતાં યમના સપાટામાથી કોઈ પણ બચાવવા શક્તિમાન થઈ શકયુ નથી જ્યા સુધી દુર્જયયમ (કાલ) ની દૃષ્ટિ આ અશરણ પ્રાણી ઉપર પડી નથી ત્યા સુધીજ તે ગર્વ તથા ઐશ્વર્ય (મોટાઈ)વાળો દેખાય છે યમની દૃષ્ટિ પડયા પછી બધુ ક્યા નષ્ટ થઈ ચાલ્યુ જાય છે કે ખરે અવસરે તેમાનુ કોઇપણ સહાયક થતુ નથી. જ્યારે યમરાજ જીવોને બલાત્કારે પોતાને સ્વાધીન કરે છે ત્યારે તેનુ (પ્રાણીનુ) પરાક્રમ નાશ પામી જાય છે, પ્રકટ થયેલ તેજસ્વિતા શમી (અસ્ત પામી) જાય છે, ધૈર્ય તથા પુરૂષાર્થ તો શોધ્યા પણ મલતાં નથી, ખાનપાનથી લષ્ટપુષ્ટ કરેલ શરીર પણ શિથિલ થઈ નિરૂપયોગી બને છે, અને જેના

પોષણ માટે અનેક સાચા ખોટા કરી પાપના પોટલા બાધેલા તે કુટું-બીઓ તો આ સમયે ધન વિગેરે વસ્તુ કબજે કરવા દોડાદોડ કરવા માડે છે. કિંતુ યમના પાશમાથી છોડવવા કોઇપણ હિમ્મત બાધતુ નથી આખર શરણુરહિત પ્રાણીને યમને આધીન થવુ પડે છે. ઘોડા, હાથી, રથ, પાયદલ વિગેરે ચતુરંગ સેનાથી પરિવરેલ ઉઘાડી તરવા-રોના પહેરા ચોકીથી વિંટાએલ અને અતુલ બલને ધારણ કરનાર રાજાઓને પણ જેમ "માચ્છી નાના નાના માછલાને ક્ષણવારમા પકડી લીયેછે" તેમ મૃત્યુ પણ ક્ષણમા પકડી લેય છે તો બીજાની શી વાતજ કરવી. કદાચ કોઈ વજ્રમય ઘરમા પેશી જાય, અથવા કોઇ મુખમા તૃણ રાખે તોપણ નિર્દય કાર્ય કરવામા આનદ માનનારો કાલ કોઇને છોડતો નથી ભલે તે દેવ દાનવ માનવ ગમે તે હોય છતા તેમાથી કોઇ છુટકી જઈ બચવા પામતુ નથી મૃત્યુ તો એક બાજુ રહો, કિંતુ વૃદ્ધાવસ્થાને પણ રોકવા કોણ શક્તિ ફોરવી શકે તેમ છે. યદિ જરાને રોકવા ઘણા વખત સુધી શરીરમાં વાયુનો રોધ કરે, વા સમુદ્રને સામે પાર જઇને વસે, અથવા પર્વતના શિખર ઉપર જઇ ચઢે તોપણ કાલા કેશથી શોભતુ મનુષ્યના માથાને સફેદ કેશવાળુ કરતી અને શરીરને સુકી લકડી જેવુ કરનારી જરાવસ્થાને કોણ રોકી શકે. જ્યારે મનુ-ષ્યનુ શરીર રોગોથી ઘેરાઇ જાય છે ત્યારે તેના દુઃખમા કોણ ભાગ લઇ શકે ! જેમ ચદ્ર કે સૂર્ય પોતે એકીલાજ રાહુની પીડા સહે છે. તેને પણ કોઇ સહાયક થતું નથી. તેમ અહીં પણ સમજી લેવુ આ

સ્થળે અનાથી મુનિનુ દૃષ્ટાત મનન કરવા યોગ્ય જાણી નીચે આપ્યુ છે.

રાજગૃહનગરમા શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા નગરની બહાર ઉદ્યાનમા ક્રીડા કરતાં રાજાએ એક મુનિને સમાધિમા તત્પર જોયા. તે મુનિનુ શરીર અતિ કોમલ હતુ, જગતને વિસ્મય કરે તેવુ સુદર રૂપ હતુ. રાજાએ મુનીશ્વરના ગુણો જોઇ આશ્ચર્યયુક્ત તેના રૂપ–લાવણ્ય સૌમ્યતા, ક્ષમા અને ભોગમા અસગતાદિ ગુણોનું વર્ણન કરવાપૂર્વક ધ્યાનારૂઢ મુનિને પ્રણામ કરીને પુછ્યુ "હે ! પૂજ્ય ! આવી યુવાવસ્થામા તમે આવુ દુષ્કર વ્રત કેમ ગ્રહણ કર્યું ? તેનુ કારણ કહો મુનિએ કહ્યુ, હે મહારાજા ! હુ અનાથ છુ, મારો કોઈ નાથ (સ્વામી) નથી મારા ઉપર અનુકપા કરનારનો અભાવ હોવાથી મે યુવાવસ્થામાજ વ્રત ગ્રહણ કર્યું છે મુનિનુ વચન સાંભળી સ્મિત કરી શ્રેણિક રાજાએ કહ્યુ, હે સાધો ! આ તમારૂ રૂપ વિગેરે જોતા તમે અનાથ છો. એ વાત યુક્ત જણાતી નથી તોપણ જો તમો અનાથ હો, તો હુ તમારો નાથ થવા તૈયાર છુ, તમે યથેચ્છ ભોગ ભોગવો, અને મારા રાજ્યનુ પ્રતિપાલન કરો આ મનુષ્ય જન્મ પુન મળવો મુશ્કેલ છે, અર્થાત્ આવી યુવાવસ્થા ભોગ ભોગવ્યા વિના નિષ્ફળ જવા દેવી યોગ્ય નથી તે સાભળીને મુનિએ ઉત્તર આપ્યો કે હે રાજન્ ! તમે પોતેજ અનાથ છો, તો મારા નાથ શી રીતે થઇ શકશો ?" આવુ કદાપિ નહીં સાભળેલ વચન સાભળીને રાજાએ આશ્ચર્ય પામીને પુછ્યુ

કે "હે મુનીશ્વર ! તમારે તેમ કહેવું યોગ્ય નથી. કેમકે હું અનેક હસ્તિઓ, અશ્વો, રથો અને સ્ત્રીઓ વિગેરેનુ પ્રતિપાલન કરૂછું, તેથી હુ તેઓનો નાથ છુ મને તમે અનાથ કેમ કહો છો ? મુનિ બોલ્યા હે રાજન્ તમે અનાથ-સનાથનો મર્મ જાણુતા નથી, માટે તે વિષે હુ તમને મારાજ દષ્ટાંતથી સમજાવું છુ તે સાભળો—

કૌશાબી નગરીમા મહીપાલ રાજાનો હુ પુત્ર છુ મને બાલ્યાવસ્થામાજ નેત્રની પીડા થઈ ને તેની પીડાથી મારા આખા શરીરમા દાહજ્વર પેદા થયો. મારી વ્યથા દૂર કરવા માટે અનેક મત્રવાદીઓ તથા વૈદ્યોએ અનેક ઉપાય કર્યા પરતુ તેઓ મારી વ્યથા (પીડા) દૂર કરી શકયા નહી. મારા પિતાએ મારે માટે પોતાનુ સર્વસ્વ આપી દેવાનુ કબુલ કર્યું પરતુ મને દુ:ખથી મુક્ત કરી શકયા નહી માટે હુ અનાથ છુ મારા પિતા, માતા, ભ્રાતા, બ્હેન અને સ્ત્રી વિગેરે સર્વ સ્વજનો મારી પાસે બેસીને રૂદન કરતા હતા અને ભોજનનો પણ ત્યાગ કરીને મારી પાસેજ નિરતર બેસી રહેતા હતા. પરતુ તેઓ મારા દુ:ખનો નાશ કરી શકયા નહી. તેજ મારી અનાથતા છે ત્યાર પછી મે એવો વિચાર કર્યો કે આ અનાદિ સસારમા મેં આ કરતા પણ અધિક વેદનાઓ અનેક વખત સહન કરી હશે. પણ આજે આટલી વેદના પણ સહન કરી શકતો નથી તો હવે આગામી કાલે અનાદિ સસારમા હુ આવી વેદના કેમ સહન

કરી શકીશ? માટે જો હુ ક્ષણવાર પણ આ વેદનાથી મુક્ત થાઉ તો તરતજ પ્રવ્રજ્યા (દીક્ષા) ગ્રહણ કરૂ કે જેથી આગામી કાળે આવી વેદના સહન કરવી પડે નહી" હે રાજન્! આ પ્રમાણે વિચાર કરતા હુ સુઈ ગયો અને તરતજ મારી વેદના શાત થઇ ગઈ તેથી અચલ ગુણનો કરનાર આ આત્માજ છે અને આત્માજ નાથ છે એવો વિચાર કરી મે પ્રાતકાલે સ્વજનોને સમજાવી તેમની રજા લઈને ચારિત્ર અગીકાર કર્યું છે તેથી હવે હુ મારો તથા બીજા ત્રસાદિક જીવોનો પણ નાથ થયો છુ કેમકે યોગ ક્ષેમ કરનાર માત્ર આત્માજ છે.

આ પ્રમાણે મુનિના વાક્યો સાભલીને શ્રેણિક રાજા અત્યન્ત ખુશી થયો ને હાથ જોડીને તેણે કહ્યુ કે "હે મુનિરાજ! તમે જે સનાથ અને અનાથપણાનુ રહસ્ય કહ્યુ તે ખરેખર સત્ય છે. તેમા જરા પણ અસત્ય નથી. હે સાધો તમે મનુષ્ય જન્મ પામ્યા તે સફલ છે. જગતને વિષે તમેજ ઉત્તમ લાભ પામ્યા છો વળી તમે શ્રી જીનેશ્વરના ધર્મને વિષે રહ્યા છો તેથી તમેજ સનાથ છો. અને તમેજ બધુ યુક્ત છો વળી તમેજ ખરેખર ચારિત્ર લીધુ ત્યારથી સ્થાવર ને જગમ એવા પ્રાણીઓના નાથ થયા છો તેથી હુ મારા અપરાધોનો નાશ કરવા સારૂ તમને ખમાવુ છુ વળી તમારા ધ્યાનમા વિઘ્નકારી પ્રશ્ન પુછીને મે જે દૂષણ કર્યું છે તથા સાસારિક ભોગ ભોગવવા માટે જે મે તમને અઘટિત નિમત્રણ કર્યુ છે. તે સર્વ ગણો અપરાધ

કરો" આ પ્રમાણે કહી ભક્તિ પૂર્વક તે મુનિની સ્તુતિ કરીને સર્વ રાજા-ઓમા ચદ્ર સમાન શ્રેણિક રાજા ધર્મમાં અનુરક્ત થઈ પોતાના અત:પુર અને પરિવાર સહિત પોતાની નગરીમા આવ્યો.

અમિત ગુણ સમૂહથી સમૃદ્ધ એવા તે નિર્ગ્રન્થ મુનિ પક્ષીની જેમ પ્રતિબધ રહિતપણે પૃથ્વી ઉપર વિહાર કરી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈ અને ઉગ્ર એવા ત્રણ દડથી વિરામપામી મોહાદિકનો નાશ કરી સવેગના પ્રભાવથી અનુક્રમે અક્ષય સુખવાલા મોક્ષપદને પામ્યા.

તેથી હે ભવ્યો ! ચેતો ! કારણ જેને દેવો આધીન છે વલી વિદ્યા મત્ર મણિ અને આયુર્વેદાદિક અષ્ટાગને જાણનાર વૈદ્યોદ્વારા અનેક ઉપાયો કરે તોપણ મરણથી રક્ષણ થતું નથી. આ જગત્ શરણ વિનાનુ, રાજ્ય વગરનું, ને નાયક વિનાનુ છે. યાવત્ એક નાનામા નાના કીડાથી લેઈને ઇંદ્રાદિ દેવો પર્યંત્ શરણ રહિત એવુ આ જગત્ કર્મો એટલે જન્મ મરણાદિને વશ છે કારણ સગર જેવા ચક્રવર્તિના સાઠ હજાર પુત્રોને જ્વલનપ્રભ નામના દેવે તૃણની માફક બાલી ભસ્મ કરી દીધા તેમનો પિતા કે જેની સેવામાં પચ્ચીસ હજારતો યક્ષો હતા તે પણ બચાવવા સમર્થ ન થયો પ્રીતિથી આગ્રહપૂર્વક જેઓને ઈંદ્ર પણ પોતાના અર્ધા આસને બેસાડતા હતા એવા શ્રેણિક પ્રમુખ રાજાઓ પણ ઘોર નરકાદિના દુખો પામ્યા છે જેઓએ એક શસ્ત્ર

માત્રથી આખા જગતને જીત્યુ હતું. તેવા વીર પુરૂષો પણ કયા ગયા તેનો કાંઈ પતો લાગ્યો નથી.

ખડ્ગ ધારા માફક તીવ્ર વ્રતના પાલનારા મુનિવરો પણ મૃત્યુનો ઉપાય કરી શક્યા નથી આવા વીર પુરૂષોની પણ પરાધીન અવસ્થાને ધિક્કાર છે ' અને ધિક્કાર છે આ મનુષ્યપણાને ! કે પશુની માફક મરણના પ્રતિકાર રૂપ ધર્મનુ સેવન કરાતુ નથી. આ સ્થળે નદરાજા, સુભૂમ ચક્રી, બલની ઠાગિકાને નહી બચાવનાર કૃષ્ણ વિગેરેના દ્દષ્ટાંતો અન્ય ગ્રંથોથી વાચવા ભલામણ છે.

બીજી ભાવના સંપૂર્ણ.

ત્રીજી સંસાર ભાવના.

श्रोत्रियः श्वपचः स्वामी, पत्तिर्ब्रह्मा कृमिश्चस ,
संसार नाट्ये नटवत्, संसारीहंत चेष्टते. ॥१॥
नयान्ति कतमा योनिं, कतमा वा न मुञ्चति.
ससारी कर्म सबधा, दवक्रय कुटीमिव ॥२॥
समस्त लोकाकाशेपि, नानारूपैः स्वकर्मभिः,
वालाग्रमपि तन्नास्ति, यन्नस्पृष्ट शरीरिभि ॥३॥

અર્થ--ચોરાસી લાખ જીવાયોનીથી પૂરિત સમારૂપ નાટકશાલામા સમારી જીવો નટની માફક ચેષ્ટાઓ કરે છે જેમા વેદનો પારગામી મરીને કર્મબધથી ચડાલ થાય છે સ્વામી મરી સેવક થાય છે બ્રહ્મા મરી કીટક થાય છે-૧ અત્ર એથી ઉલટુ પણ જાણવુ એટલે ચડાલ મરી વેદનો પારગામી થાય છે સેવક મરી સ્વામી થાય છે કીટક મરી બ્રહ્મા થાય છે.

સસારી જીવ કર્મના સયોગથી ભાડાની કોટડીની માફક કઇ યોનીમા પ્રવેશ કરતો નથી ? તથા કઈ યોનિનો ત્યાગ કરતો નથી ?

અર્થાત્ દરેક યોનિમા પ્રવેશ કરે છે, ને ત્યાગ પણ કરે છે. ૨

પોતાના કર્મોવડે અનેક રૂપો ધારણ કરી આજીવોએ જે સ્થલનો સ્પર્શ ન કર્યો હોય એવો ભાગ સમગ્ર લોકાકાશમા એક વાલના અગ્ર ભાગ જેટલો પણ બાકી નથી ૩

વિવેચન—અનાદિ સંસારમા જન્તુ કોઈ જન્મમા માતા થઈ બીજા જન્મમા બેન, સ્ત્રી-પુત્રીનુ રૂપ ગ્રહણ [૧] કરે છે. બેન થઈ, માતા સ્ત્રી પુત્રી થાય છે સ્ત્રી થઇ, બેન, પુત્રી, માતા થાય છે. પુત્રી થઇ. માતા, બેન, સ્ત્રી થાય છે. પિતા થઇ ભાઈ, પુત્ર, પૌત્ર (પુત્રનો પુત્ર)

---

૧ કોઇ જન્મમા આમ તો બીજા જન્મમા બીજી રીતે થાય છે તે સર્વત્ર યોજી લેવુ.

થાય છે. ભાઈ થઇ પિતા, પુત્ર, પૌત્ર થાય છે પૌત્ર થઈ પિતા, ભાઇ, પુત્ર થાય છે. પુત્ર થઈ પિતા, ભાઇ, પૌત્ર થાય છે સ્વામી થઇ સેવક થાય છે. સેવક થઈ સ્વામી થાય છે શત્રુ થઈ મિત્ર થાય છે મિત્ર થઈ શત્રુ થાય છે પુરૂષ થઈ સ્ત્રી, નપુસક થાય છે સ્ત્રી થઈ પુરૂષ, નપુસક થાય છે નપુસક થઇ સ્ત્રી, પુરૂષ થાય છે આ પ્રમાણે ચોરાસીલક્ષ યોનિમા નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવોના ભવ ગ્રહણ કરવા પડે છે. રાગ, દ્વેષ, મોહ આદિથી પૂર્ણ તથા અતિતૃષ્ણાને વશ થઈ જીવ પરસ્પર તાડન, ભક્ષણ, વધ, બધન, કલક નિદા, કટુક વચન આદિથી ઉત્પન્ન થયેલ અતિતીવ્ર દુખો અનત અનત દેહ ધારણ કરી અનત પુદ્ગલ પરાવર્તન સુધી અનતીવાર પરિભ્રમણ કર્યા કરે છે પ્રત્યેક યોનિમા કેવા દુખો અનુભવાય છે તેનુ શ્રીહેમચદ્રસૂરિ મ્હેજર દિગ્દર્શન કરે છે

નરકના જીવો પહેલી ત્રણ નરકમા શીત અને પાછલ ચાર નરકમા ઉષ્ણવેદના અનુભવેછે ત્યા ઉષ્ણવેદનાની ઉષ્ણતા (ગરમી) એટલી બધી છે કે તે ગરમીમા લોઢાના પર્વત નાખવામા આવ્યો હોય તો પણ પીગલી જાય છે આવી વેદના સહન કરે છે તેમજ પરસ્પર દ્વેષથી તથા પૂર્વના વૈરથી મારામારી કરી નારકી જીવો પીડાય છે વલી પરમાધામી દેવો તેને દુ:ખ આપે છે આવી રીતે ત્રણ પ્રકારના દુખોને ભોગવતા નરકના જીવો દુખે જીવે છે.

તિર્યંચ ગતિમા પૃથ્વીપણે ઉત્પન્ન થયેલા જીવો હળ, કોશ, કુહાડા

દિથી ભેદાવાથી પાણીના પ્રવાહમા ભીંજાવાથી અગ્નિવડે બળવાથી અને એવા અનેક ભિન્નજાતીય દ્રવ્યથી છેદન, ભેદન, થવાથી દુઃખ અનુભવે છે.

પાણી પણે ઉત્પન્ન થયેલા જીવો સૂર્યના તાપથી, માટી પ્રમુખે શોશી લેવાથી ક્ષારાદિની મિશ્રતાથી, તૃષિતના પીવાથી દુઃખો અનુભવે છે.

અગ્નિપણે ઉત્પન્ન થયેલા જીવો પાણી વડે બુઝાવાથી, ઘણ હથોડા પ્રમુખે કુટાવાથી તથા લાકડા વિગેરેથી બાલવાથી દુઃખે પીડાય છે.

વાયુપણે ઉત્પન્ન થયેલા જીવો પંખા વિગેરેથી ઝપટાવે કરી ઠંડા ગરમ વિગેરે પદાર્થોના સંબંધથી પરસ્પર અથડાવાથી દુઃખી થાય છે.

વનસ્પતિપણે પેદા થયેલા જીવો છેદવે કરી, ભેદવે કરી, અગ્નિએ બલવાથી પીલાવાથી પરસ્પર ઘસાવાથી પવન પ્રમુખે ભગાઈ જવાથી દાવાગ્નિકે બળવાથી અને પાણીની રેલથી ઉખડી જવાથી દુઃસહવેદના ભોગવે છે

બેઇંદ્રિય, તેઇંદ્રિય તથા ચોરિંદ્રિય વિગેરે જીવો ઔષધીઓથી, હાથ પગના કચડાવાથી, તાડન વિગેરે અનેક કારણોથી મૃત્યુ આદિ પીડા સહે છે

પંચેદ્રિય જીવો પંખી મૃગાદિ, શીકારી પ્રમુખના પ્રહારથી અને નાના જનાવરો મોટામાંસાહારીજનાવરોના ભક્ષ્ય (ખાણા) તરીકે તેમજ ટાઢ, તાપ, વરસાદ, અગ્નિ, અને બાણ વિગેરે શસ્ત્રાદિકે કરી સર્વત્ર કેવલ દુઃખનોજ ભાર વહન કરે છે

મનુષ્યો પૈકી અનાર્યપણે પેદા થયેલા જીવો એટલાતો પાપ કર્મો કરે છે કે જેનુ વર્ણન કરવુ અશક્ય છે આર્યત્વે (પણે) ઉત્પન્ન થયેલા પણ અનાર્ય ચેષ્ટાવાળા, દુ ખ, દારિદ્રય, અને દૌર્ભાગ્યથી બળેલા મહા દુઃખે જીવન પુર કરે છે.

દેવપણે ઉત્પન્ન થયેલા જીવો પણ શોક ગર્વ ઇર્ષ્યાદિ વડે દુઃખનોજ અનુભવ કરે છે થોડી ઋદ્ધિવાલા દેવો બીજા દેવોની મહાઋધ્ધિ દેખી શોચ કરે છે કે અમોએ પૂર્વે કાંઈ પુણ્ય કર્યું નહીં જેથી ચાકર પણુ પામ્યા છીએ આમ વિષાદ કર્યા કરે છે બીજા મહર્દ્ધિક દેવોની સ્ત્રી, વિમાન રત્ન, ઉદ્યાનાદિ સપત્તિઓ દેખી ઇર્ષ્યાગ્નિથી રાત્રદીન બળ્યાજ કરે છે, પુણ્યથી પ્રાપ્ત થયેલ દેવલોકમા પણ દેવો કામ, ક્રોધ કરવે કરી સુખે રહી શકતા નથી આમ ચારે ગતિમા જીવ અનેક દુ ખો ભોગવે છે

અશુચિમય માતાના ઉદરમા બહુ દુ ખો સહન કરી મહોટા મહોટા કાંટા વેઠી જન્મ પામી ક્ષણિક તથા કલ્પિત સુખોથી દુ ખનો અત આવ્યો માને છે તેવામા વૃદ્ધાવસ્થા આવીને શરીરનો કવલ કરી જાય છે તેથી રક, બાપરા સસારી જીવોને કયા પણ શાતિથી રહેવાનો પ્રસગજ આવતો નથી એક તરફ તૃષ્ણા (આશા) દેવી જીવોને પીડા કરી રહી છે, એક તરફ દાવાનલ રૂપ લોભ કોઇ રીતે શાત થતો નથી એક તરફ ક્રોધ અતિ દુ ખ રૂપ ખાડામા ઝપલાવી મારે છે હહા'

આમ અનેક પીડાથી રીબાતા જીવોને દુ:ખનો અંત ક્યાથી આવે ?

એક ચિંતા મંટે ત્યા બીજી અધિકા અધિક તૈયાર થઇ રહેલી હોય છે કર્મ રૂપ દોરીથી બંધાએલા જીવો કાલરૂપ બિલાડાની સમીપ રહેલા પક્ષીની માફક દેહ રૂપ પંજરમાં ભટક્યા કરે છે.

અરે કોઇ વખત પ્રાણી ધનનો મદ કરે છે કોઇ વખત દરિદ્રિ થાય છે. કોઇ વખત જુવાનીના મદમા ઘેલો થઈ જાય છે કોઈ વખત વૃદ્ધાવસ્થાથી ખડખડતા હાડકા રૂપ બને છે ત્યારે કોઇ વખત મૃત્યુના સપાટામાં આવ્યો દેખાય છે **આચાર્ય શ્રી અમિત ગતિ** આ આમે કહે છે કે,

મલથી પરિપૂર્ણ, કૃમિના સમુહથી વ્યાપ્ત, વિચિત્ર પ્રકારની વેદનાવાલો, પંડિત પુરૂષોએ નિંદિત, અને દુ:સહ એવા માતાના ગર્ભમા પૂર્વે પ્રાપ્ત કરેલ કર્મ વશે આવીને જીવ ઉત્પન્ન થાય છે. તેવા ગર્ભમા સુખ કયાથી હોય શિશુપણામા પણ સુખ નથી કારણ શરીર નામલનુ ભક્ષણ કરવુ મલ (વિષ્ટા) મત્રાદિમા સુવું વિષ્ઠાદિમા હાથ પગ નાખવા વિગેરે દોષોથી દૂષિત છે યૌવનમા કામના જોરથી સ્ત્રી વિરહ કુટુંબ પોષણની ચિંતાદિ દુ:ખો હોઈ સુખની આશા ક્યાથી હોય હાથ પગનુ કંપવુ, દૃષ્ટિની ન્યૂનતા (ઓછુ દેખાવુ), બોલતા જિહ્વાનુ થોથાવુ લાકડીના ટેકા વિના નહી ચાલી શકવુ તે ટેકો લેતા પણ લથડીઆ આવવા, આવા ગુણવાલી જરાવસ્થામા સુખનું નામ પણ નથી.

ગતિ નષ્ટ થઈ, શરીર જીર્ણ થયું, ઇંદ્રિયબલ ક્ષય પામ્યું, વંશ ક્ષય થયો, સંસારપણ જાણ્યો, સુખનો અંત આવ્યો આવી સ્થિતિ જીવે અનંતીવાર ભોગવી છતા અંત આવ્યો નહી

કોઈ શરીર એવુ નથી કે જેનો અનુભવ ન કર્યો હોય, કોઈ ગતિપણ એવી નથી કે જેમા પ્રવેશ ન કર્યો હોય, અરે એવી કોઈ ગજલક્ષ્મી (સામાન્ય તો શુ) પણ નથી કે જેનો ભોગ ન લીધો હોય એવો કોઇ વિષય પણ નથી કે જેનો પરિચય ન થયો હોય એવું ઇંદ્રિય સુખ કોઈપણ શેષ નથી જેનો ભોગ ન લીધો હોય છતા જુદા જુદા પદાર્થો જોઈ આ નવીન છે, આ નવીન છે એમ માની તેમા રક્ત થઇ વ્યર્થ સુખની ઇચ્છા થાય છે.

આ મારા સબંધિ છે, આ મારા સબંધિ નથી એવી ખોટી બુદ્ધિ શાને કરવી ? કારણ પિતા, પુત્ર, સ્ત્રી પુત્રી, માતાદિ કર્મયોગે અનેક નામો ધારણ કરી અનંતીવાર સબંધી થઈ ચુકેલ છે તો સ્વપર કોને કહી શકાય '

ક્ષણમા ક્ષમાવાન્, ક્ષણમા ક્રોધી, ક્ષણમા બાલની માફક વિવેક રહિત, ક્ષણમા વિરહાદિથી દુખી જુવાનીવાલો, ક્ષણમા ધકો લાગતા પડી જાય તેવો વૃદ્ધ (ડોસો) ક્ષણમા નિશ્ચેષ્ટ મુડદારૂપ, એમ સંસારમા નટની માફક અનેક રૂપો જીવ ગ્રહણ કરે છે મનવચન કાયાથી ઉ-

પાર્જિત, અતિદુ:સહ, અચિન્ત્ય, એવાં ચારે ગતિનાં દુખો પામે છે. છતા જીવો પાપ બુદ્ધિથી વિરામ પામતા નથી. એ આશ્ચર્ય છે? કોઇ સ્ત્રી સગ ઇચ્છે છે, કોઇ સ્ત્રીથી વિરક્ત થવુ ચાહે છે, કોઇ તપશ્ચર્યા કરે છે, કોઇ સારો દિવસ ખાવામાજ મશગુલ રહે છે, સુખી આનદમા રહે છે, ત્યારે દુખી સીદાય છે, (દુખથી પીડાય છે) પ્રિય વસ્તુનો વિયોગ, અપ્રિયનો સયોગ, વિપત્તિ, સપત્તિ, જરા, મરણ, જન્મ, એમ અનેક ચેષ્ટાઓનો આશ્રય સસારમા જીવોને થયાજ કરેછે.

આ કાર્ય હમણા કરૂ છુ, તે કાર્ય ત્યારે કરી લીધુ, વિગેરે ક્રિયાઓ નિરતર વિવેક શુન્ય એવા પ્રાણીઓ કર્યાજ કરે છે. પરતુ કાલ મહારાજ (મૃત્યુ) મારા સામે તાકીનેજ ઉભા છે તે જોતો નથી

આ મારૂ ધન, આ મારો બેટો, આ મારૂ કુટુબ, આ મારી પ્રિય વલ્લભા (સ્ત્રી), આ મારી પુત્રી, આ મારો પિતા, આ મારો મિત્ર, આ મારો માતુલ (મામો) છે મઢ માણસ મારૂ મારૂ કરીને એવી રીતે ઝખ્યાજ કરે છે. કિતુ વેલુ (નદીની રેતી) નુ દૃષ્ટાત ધ્યાનમા લેતો નથી. રાજાનુ સેવન કરી તેની પ્રીતિ મેલવુ, ધન યથેચ્છ મેલવુ, સ્ત્રી સાથ વિષય સુખનો અનુભવ લેઉં નિરતર આવા વિચારો કરી ભવ સતતિનો અનર્ગલ વધારો કરે છે

પ્રથમ તો વિવેક શન્ય એવી બાલવયમા અધિક અધિક આનદ પામે છે, પછી કામથી પીડાતો સ્ત્રી સુખની વાછા કરે છે, પછી

વૃદ્ધત્વનો આશ્રય કરી સઘળી ક્રિયામા જડવત્ બને છે. છતા પાપ કર્મથી પાછા હટવા પરિણતિ થતી નથી. આ શરીર નાશવંત છે. યૌવન ચચલ છે, દૈવ સર્પ જેવો વાકો છે, આયુષ્ય પવન જેવુ છે, ધન અસ્થિર છે યુવતિનુ મન તરગ જેવુ છે, લક્ષ્મિ આપત્તિને સાથે લેઈનેજ આવે છે, સુખ પણ દુખયુક્ત છે અને સજ્જન સગતિ વિયોગ રૂપ ઝેરથી દૂષિત છે. આવુ છતા લોકો સસારથી બ્હીતા નથી ઉલટા તેમા પ્રીતિ કરે છે

અશાતારૂપ અગ્નિશિખાથી જગત્રૂપ મદિરના કવલ થાય છે. પ્રલયકાલના પવન જેવુ વિષયજન્ય સુખ છે જલમા પ્રતિબિબિત (પડછાયારૂપ) થયેલ ચદ્રના જેવી લોકની સ્થિતિ જોઈને વિષયમા ગૃદ્ધિ ન કરો !

આયુષ્ય જો પર્ણ ઉપર રહેલ જલબિંદુ સમાન ન હોત (અર્થાત આયુષ્ય જો શાશ્વતુ હત) તો ચામર જેવી ચપલ સ્ત્રી, તથા લક્ષ્મીના અને સુખકર રસાદિ વિષયોનો કયો પુરૂષ ત્યાગ કરે ! અથવા—

यस्यमैत्री यमेनस्याज्ज्ञानंवाभुवनाद्भुतम्,
सएव वक्ति कल्येदं, करिष्याम्यपरं कथम् ॥१॥

અર્થાત્ જેને યમ સાથે મૈત્રી (ભાઈબંધાઈ) હોય અથવા ત્રિકાલજ્ઞાન હોય તેજ એમ બોલી શકે કે આજનું કાર્ય આવતી કાલે કરીશ બીજો કોણ બોલી શકે ઉપલક્ષણથી પૂર્વોક્ત સમજી લેવુ. જેને

યમ સાથ મૈત્રી ન હોય તેમ ત્રિકાલજ્ઞાન ન હોય તેવા વૈરાગી પુરૂષો નો "**सर्वत्रजन्मम्रृत्युश्च, चपलाचपला श्रियः, नज्ञायतेकुतोप्येतः; कवायास्याम्यहपुनः ॥१॥** જન્મ, મરણ સર્વત્ર છે. લક્ષ્મી વિદ્યુત્ જેવી ચપલ છે. હુ ક્યાંથી આવ્યો ને ક્યા જઈશ તે જાણવામા આવતું નથી" આમજ ચિતન કરે છે.

પૈસાદાર લોકો હસે છે, જેનુ ધન નષ્ટ થયુ છે. એવા બીચારાઓ રૂદન કરે છે બુદ્ધિવત જ્ઞાન પ્રાપ્તિમાં મગ્ન રહે છે, બુદ્ધિરહિત (મૂર્ખ) મારામારી ટટા ફિસાદમાંજ સમય પૂર્ણ કરે છે મુનિવરો તપ કરે છે, ત્યારે વિષયમા અધ થયેલા વિષયમાંજ આનદ માની રમે છે. વલી કામથી પીડાતો માણસ જે સ્ત્રી ઇચ્છે છે તે સ્ત્રી વલી બીજા પુરૂષ નુજ સ્મરણ કરતી હોય છે. તે પુરૂષ વલી તેથી કોઈ અન્ય સ્ત્રીનુજ રટણ કરતો દેખાય છે. આમ સસાર જીવોને નાચવાના ક્રમ જેવી સ્થિતિમાં સદા ઝપલાવે છે. તેથીજ પવનથી ચલિત દીપકના જેવા જગતને અસ્થિર જેઇ બુદ્ધિવતજનોએ વિરક્ત થઈ આ સસારત્યાગી આત્મસામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે માટે નિશ્ચલ સુખરૂપ અમૃત પીવા ઇચ્છતા હો તો આવી અતિદુ:ખને આપનારી તથા ક્રોધમા ભરાયેલ સર્પના તુલ્ય ભવસ્થિતિને હૃદયમા બરાબર વિચારી પરિગ્રહાદિ મમતાનો ત્યાગ કરવા ઉજમાલ થાઓ અત્ર ભુવનભાનુ વિગેરેના ચરિત્રો જાણવા ભલામણ છે. ૩

ત્રીજી ભાવના સપૂર્ણ

ચોથી એકત્વ ભાવના.

एकउत्पद्यते जन्तु, रेक एव विपद्यते;
कर्माण्यनुभवत्येकः, प्रचितानि भवातरे ॥१॥
अन्यैस्तेनार्जितवित्तं, भूय संभूयभुज्यते;
सत्वेकोनरकक्रोडे, क्लिश्यते निजकर्मभि ॥२॥

અર્થ—આ જીવ એકીલોજ ઉત્પન્ન થાય છે, એકીલોજ મૃત્યુ પામે છે અને ભવાતરમા એકઠા કરેલ કર્મો પણ એકીલોજ ભોગવે (અનુભવે) છે ૧

એકે ઉપાર્જન કરેલુ ધન બીજા અનેક સ્વજનાદિ ભેગા થઈ ખાઈ જાય છે, પરતુ ધન ઉપાર્જન કરતાં કરેલા પાપો વડે નરકમાં દુખો ને એકીલોજ પામે છે તેમાં બીજો કોઈ ભાગ લેતો નથી ૨

વિવેચન—સંસારમાં હું એકીલોજ છુ, મારૂ કોઈ નથી તેમ હુ કોઇનો નથી હુ એકીયોજ ઉત્પન્ન થાઉ છું, તથા એકીલોજ મરૂ છુ. નતો કોઈ મારા સ્વજન (કુટુંબી) છે, તેમ નતો મારા કોઈ પરજન છે. અર્થાત્ આ મારા સંબધી છે, અને આ મારા સબધી નથી. કોઈ મારો મિત્ર પણ નથી ! કે જે મારાં જન્મ, જરા આદિ દુ.ખોને દૂર કરી આપે, અથવા તો તેમાંથી થોડો ભાગ લીયે. હુ એકીલોજ મારા કરેલાં કર્મોનો ભોક્તા થાઉં છું. મારાં કરેલાં કર્મના ફલને અન્ય કોઇ પણ ભોગવનાર નથી.

યથાર્થ વસ્તુના જાણ બુધપુરૂષો " પરસ્ત્રીને આ મારી સ્ત્રી છે" એમ મનથી પણ ચિંતન કરે તો પણ તે ચિંતન જેમ હાથ પગ કાન, નાસિકા, વિગેરેનો છેદ, તથા રાજદંડ, ધનનાશ, યાવત્ પ્રાણઘાત રૂપ દુઃખ ઉત્પન્ન કરે છે. તેમ "પોતાના આત્મવિના બીજા (પરભાવરૂપ) સચેતન, અચેતન પદાર્થોમાં મમત્વબુદ્ધિ કરવી" તે પણ અનેક જન્મ, જરા, મરણ, દુર્ગતિરૂપદુઃખો ઉત્પન્ન કરે છે તથા આત્માને શુધ્ધ જ્ઞાન મય છતા અનેક પરરૂપો ધારણ કરવા પડે છે. આત્મા જેટલી મમત્વ બુદ્ધિ વધારે, તેટલી તે (આત્મા) અધોગતિ પામે છે" જેમ વહાણમા જેટલો ભાર ભર્યો હોય તેટલુ તે સમુદ્રમા ઉંડુ રહે છે."

બીજા પુદ્ગલો (ધાતુ)મા ભળેલ સુવર્ણ કેવી અવસ્થા પામે છે, અને શુદ્ધ સુવર્ણનુ રૂપ તો સર્વની જાણમાંજ છે. સહજાનંદ, ચિદ્રૂપ આત્મા પણ મમતાદિ પરભાવમા ભેળાવાથી દુર્ગત્યાદિ હીણ દશા પામે છે. દુઃખરૂપ દાવાગ્નિથી ભયંકર મ્હોટા સંસારરૂપ વનમા કર્મ સંયોગથી જીવ એકીલોજ ભ્રમણ કરે છે. કદાચિત્ કોઇ શંકા કરે કે બાંધવાદિ કુટુંબીઓ ભલે સહાયક ન થાઓ, કિંતુ સુખ દુઃખનો અનુભવ આપનાર શરીર તો સહાયક છે. છતા આત્મા એકીલોજ ભ્રમણ કરનાર કેમ કહો છો?

ઉત્તર—ભવાંતરમા આ શરીર સાથે આવતું નથી, તથા પૂર્વભવનું આ ભવમા સાથે આવતુ નથી, તો મૃત્યુ પર્યંત્ સાથે રહેનાર શરીર

સહાયક કેમ થઈ શકે ? અર્થાત્ આત્મા એકીલોજ શુભાશુભ કર્મ કરતો રડવડે છે. અને શુભાશુભ કર્માનુસારે સુખદુઃખ અનુભવે છે, તથા મોક્ષની અનુત્તર લક્ષ્મી પણ એકીલો ભોગવે છે **यतः**

यद्दुःखं भवसंबंधि, यत्सुखंमोक्षसमवम् ,
एक एवोपभुंक्तेनत्, नसहायोस्ति कश्चन ॥१॥

એટલે ભવસબધિ જે દુ.ખ તથા મોક્ષનું જે સુખ તે આત્મા એકીલો ભોગવે છે. કિંતુ અન્ય કોઈ ભાગીદાર વા સહાયક નથી.

જેમ છુટો માણુસ ગભીરજલાશયને તુરત તરી શકે છે. અને હાથ પગથી બધાયેલો ન તરી શકતાં ડુબી મરે છે. તેમ આત્મા, પણ ધન, દેહ વિગેરે પરિગ્રહની મમતાથી બધાઇ સસારમા રઝલે છે અને તેનાથી છુટો (રહિત) ભવ સમુદ્ર શીઘ્ર તરી જાય છે.

એક પુણ્યથી સ્વર્ગમા જાય છે, એક પાપથી નરકમાં જાય છે, એક પુણ્યાપુણ્યના ક્ષયથી મોક્ષે જાય છે. એમ જાણી તત્વજ્ઞોએ નિર્મમત્વ થવા એકત્વ ભાવના ભાવવી.

ધન, સ્વજનાદિ ઉપાધિ અહીજ છોડી ભવોભવ એકીલુજ ભટકવુ પડે છે. પૈસાને માટે યા સ્વાર્થને માટે સગા ન હોય તે પણ સગા થાય છે. પરતુ કોઇ આફત આવી પડી હોય ત્યારે દુખનો

અનુભવ માત્ર પોતાનેજ કરવો પડે છે "જેમ ફલ, ફુલોથી પરિપૂર્ણ વૃક્ષો અથવા વનનો હજારો પ્રાણીઓ આશ્રય લે છે. પણ વૃક્ષ મૂલથી ઉખડી ગયુ હોય કે વનમા દાવાનલ લાગ્યો હોય તો તત્કાલ તે વૃક્ષ કે વનનો ત્યાગ કરી પ્રાણી બીજાનો આશ્રય લે છે" તેમ સ્વાર્થ ન સરવાથી અથવા સ્વાર્થ પૂર્ણ થવાથી પ્રાણીઓ પોતપોતાને માર્ગે પડે છે. અને વૃક્ષ કે વનની માફક પાપ કરનારો દુઃખાદિ અનુભવે છે. આજ વાતને પુષ્ટિ કરનારો એક શ્લોક બહુ ઉપયોગી છે.

वृक्षं क्षीणफलं त्यजन्ति विहगा, शुष्क सर सारसाः,
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका, भ्रष्टंनरं सेवकाः ॥
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा, दग्धं वनांत मृगा॰
सर्वः कार्यवशाज्जनोभिरमते, कःकस्यच वल्लभः ॥१॥

છ ખડ પૃથ્વીનુ સામ્રાજ્ય, નવનિધાન, ચૌદ રત્નો અને હજારો અ તેઉરીનો ત્યાગ કરી ચક્રવર્તિ જેવા પરાક્રમી રાજાઓ પણ એકીલા ચાલતા થયા, ત્રણ ભુવનમા નિષ્કટક બિરૂદ ધારી તથા મહાન્ ગર્વિષ્ઠ અને બલિષ્ઠ રાવણ જેવા રાજાઓ સર્વ વસ્તુનો ત્યાગ કરી એકીલાજ રણશય્યામા પોઢી ગયા તેનો પરિવાર કોઇપણ સાથે ન ગયો, અને નરકાદિ ભયકર સ્થલમા દુખનો અનુભવ એકીલાનેજ કરવો પડયો. માટે હે! આત્મન્! જાગ્રત થા! ક્ષણભગુર, દુખ

નાથી, તથા કેવલ સ્વાર્થી આ પરિવારનો ત્યાગ કર ! અને પરમાનંદ સ્વરૂપ, અક્ષય, અવ્યય સ્વરૂપ પ્રકટ કરી તે આનંદનો અનુભવ લે ! અત્ર નમિ રાજર્ષિનું દૃષ્ટાંત અન્ય ગ્રંથથી જાણવુ.

ચોથી ભાવના સંપુર્ણ.

પાંચમી અન્યત્વ ભાવના.

यत्रान्यत्वं शरीरस्य, वैसादृश्याच्छरीरिणः;
धनबन्धु सहायाना, तत्रान्यत्वं न दुर्वचम् ॥१॥
योदेह धन बन्धुभ्यो, भिन्न मात्मा नमीक्षते,
क्वशोक शंकुना तस्य, हंतातंकः प्रतन्यते ॥२॥

અર્થ—જ્યા મૂર્ત્ત, અમૂર્ત્ત, ચેતન, જડ, નિત્ય, અનિત્યાદિના વિજાતીયપણાને લેઇને આત્માથી શરીરનું અન્યત્વ (જુદાપણું) સ્વાભાવિકજ છે. તો ધન, બન્ધુ આદિ સહાયકોનું આત્માથી જુદાપણું કહેવુ, એ કાંઈ વિશેષ નથી ? "કારણ જ્યારે શરીર પણ જુદુ છે તો ધનાદિ જુદાં હોયજ."

જે મનુષ્ય પોતા (આત્મા) ને શરીર, ધન, બન્ધુ આદિથી જુદોજ દેખે છે, તેને સંયોગ, વિયોગાદિથી પ્રાપ્ત થયેલ શોકરૂપ શંકુ દુઃખ કેમ દઈ શકે ? (૨)

વિવેચન—અન્યત્વ એટલે જુદાપણું. એક સ્વરૂપથી બીજા સ્વરૂપનુ વિલક્ષણપણુ આત્મા અને દેહના સંબંધમાં પ્રત્યક્ષ અનુભવાય છે કેમકે શરીર અન્ય પદાર્થ છે, અને આત્મા શરીરાદિથી વિલક્ષણ (અન્ય) પદાર્થ છે. શરીર ઇંદ્રિયોનો વિષય છે, આત્મા અતીંદ્રિય છે. "અર્થાત્ શુદ્ધ આત્મ સ્વરૂપ ઇંદ્રિયોનો વિષય નથી. શરીર ક્ષણભંગુર (અનિત્ય) છે, આત્મા નિત્ય છે. શરીર અજ્ઞ (જડ) છે, આત્મા જ્ઞાન સ્વરૂપ (ચેતન) છે. શરીર આદિ, અંતવાળુ છે, આત્મા અનાદિ, અનંત, અવિનાશી છે.

આ સંસારમા પરિભ્રમણ કરતા અનેક લાખો શરીર થઇ ગયા (શરીર તો ઘણાં થઈ ગયા) કિંતુ આત્મા તો એનો એકીજ છે. અત્ર કોઈ શંકા કરે કે—જો આત્મા અને દેહ સાક્ષાત્ જુદાંજ છે, તો દેહ ઉપર પ્રહાર થતાં આત્માને દુઃખ કેમ અનુભવાય છે? ઉત્તર—શંકા બરાબર છે. પરંતુ શરીરાદિથી આત્મા જુદો છે એમ જેઓની તાત્વિકી બુદ્ધિ નથી, તેઓને શરીર ઉપર પ્રહાર થતાં આત્મા દુઃખ અનુભવે છે એમ જણાય છે. પણ જેઓએ આત્મા અને દેહનો ભેદ (જુદા છે એમ) સારી રીતે સ્વીકારેલ છે, તેઓને દેહ ઉપર પ્રહાર થતાં આત્મા દુઃખ અનુભવે છે, તેમ જણાતું નથી. દૃષ્ટાંત તરીકે જુવો તો શ્રીમહાવીર પ્રભુના ચરણ ઉપર ગોવાલીઆએ ક્ષીર રાંધી તથા સંગમક દેવે લોહનુ ચક્ર ફેંક્યુ, છતાં પ્રભુને કાંઇ દુઃખ થયુ નથી.

કારણ તેઓએ દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ કરેલ છે. નમિ રાજર્ષિને પણ ઇંદ્રએ જ્યારે કહ્યું હતુ કે તારી મિથિલાનગરી બળી જાય છે, ત્યારે તેણે એહીજ કહ્યું હતું કે મારૂ કાઈ બળતું નથી. આ પ્રમાણે (દેહાત્માની) ભેદ બુદ્ધિ જેને થયેલ છે તેને પોતા સબધી દુ ખ આવે તોપણ દુ ખ થતુ નથી ત્યારે (દેહાત્મા) જુદા છે એમ જેને જ્ઞાન નથી તેને પોતાના નોકર સબધી દુ ખ આવે તો પણ દુ ખ થાય છે. જ્યારે મારાપણુ નહી કરનારને પુત્ર ઉપર પણ પર બુદ્ધિ રહે છે. અર્થાત્ તે મારો નથી, માર્ મારી પાસેજ છે. ત્યારે મારાપણામા અંજાઈ ગયેલાને પારકા ઉપર પણ પુત્રથી અધિક સ્વબુદ્ધિ રહે છે તેથી પોતાના મૂલગુણનો વિનાશ થાય છે. કેમકે “**पर. प्रविष्ट' कुरुते विनाशम्**” પોતાના શરીરમા અથવા ગૃહાદિમા પેઠેલ પારકા શરીર, ધન, સ્રીઆદિના હરણ કરવારૂપ વિનાશ કરે છે આ સામાન્યલોકોક્તિ છે. એટલે આવી સામાન્ય ઉક્તિ પણ સત્ય ઠરે છે તો શ્રીવીતરાગ પરમાત્મા સર્વજ્ઞનુ વચન છે કે “જ્ઞાનસ્વરૂપ આત્મામાં કર્મ પરમાણુઓ પેશીને વિનાશ કરે છે.” એ વાક્ય સત્ય કેમ ન હોય?

पथि पथि विविध पथैः पथिकैः सह, कुरुते कः प्रतिबन्धं
निज निज कर्मवशैः स्वजनैः सह, किं कुरुते ममताबन्धम् ॥१॥ (विनय)

વિધવિધ માર્ગે જનારા પથિકો સાથે કોણ પ્રતિબધ કરે ? કોઈ ન કરે. ત્યારે સ્વસ્વકર્મવશ ભ્રમણ કરનારા સ્વજનો સાથે શાને મમતા

બાધે છે ! રાગરહિત પ્રાણી ઉપર આસક્ત થનાર જેમ બહુ દુખી થાય છે તેમ તારા ઉપર રાગરહિત એવા જડ પદાર્થો ઉપર મમતા રાખી શા માટે દુઃખી થાય છે. કારણ કે

मित्रंकलत्रमितरःपरिवारलोको, भोगैकसाधनमिमाःकिलसपदोनः ॥
एकक्षण सतुभविष्यतियत्रभूयो, नायंनयूयमितरेनवयं न चैते ॥१॥

આમ વિચારી રેશમના કીડાની માફક મારૂ માની પરવસ્તુમા મમત્વનો ત્યાગ કરવા નિરતર અન્યત્વ ભાવનાનુ સેવન કરો !

અત્ર મરૂદેવા માતા તથા ગૌતમસ્વામી પ્રમુખ મહાપુરૂષોના દૃષ્ટાતો યોજી લેવા

પાંચમી ભાવના સંપૂર્ણ.

છઠી અશુચિ ભાવના

रसासृग्मांसमेदोस्थि, मज्जशुक्रांत्रवर्चसाम्;
अशुचिनापदं कायः, शुचित्वं तस्यतत्कुतः ॥१॥
नवस्त्रोतः स्त्रवद्विस्त्र, रसानिःस्यंद पिच्छिले;
देहेपि शौचसंकल्पो, महन्मोह विजृंभितम् ॥२॥

અર્થ—રસ, રૂધિર, માંસ, મેદા, હાંડકા, મજ્જા, વીર્ય, આંતરડા, અને વિષ્ટા પ્રમુખ અશુચિના ઘરરૂપ આ શરીર છે. તેમા પવિત્રપણું ક્યાથી હોય ? ૧

જે શરીરના નવ દ્વારથી ઝરતો દુર્ગંધિત રસ અને તેના નીકલવાથી ખરડાએલ દેહને વિષે પણ પવિત્રતાની કલ્પના કરવી તે મહામોહનુ ચેષ્ટિત છે ૨

વિવેચન—આ શરીર અશુચિથીજ ભરેલુ છે કાન, નાસિકા, નેત્ર, દાત વિગેરે જોતા તે અશુચિ પૂર્ણ છે. પ્રસ્વેદ (ઘામ), કફ, પિત્ત, મૂત્ર, વિષ્ટા આદિ મલથી વ્યાપ્ત આ શરીરને કોણ પવિત્ર કરી શકે ? જેમ છિદ્ર (કાણુા) યુક્ત મદિરાના ઘડાથી બાહિર નીકલતા બિદુથી અશુચિ (અપવિત્ર) થયેલ ઘડાને માટીથી ઘસી ગગાજલથી બહુવાર ધોવા છતા તે શુદ્ધ થતો નથી, તેવી રીતે આ શરીર પણ માસ, હાડકા, લોહી, ચરબી, વિષ્ઠા, મૂત્ર અને માટીરૂપ હોવાથી ગમે તેટલુ ધુવે તોપણ શુદ્ધ થતું નથી. પુરૂષના નવ દ્વાર તથા સ્ત્રીના બાર દ્વાર સદૈવ અશુચિને વહ્યા કરે છે. તેને પ્રાણીઓ શુદ્ધ જલથી વારવાર સ્વચ્છ કરે છે, ચદનનો લેપ કરે છે, મુખને પવિત્ર કરવા કર્પૂર યુક્ત તામ્બુલ ચાવે છે દુર્ગંધિ વાયુ માટે સુગધિ દ્રવ્યો સુઘે છે આ રીતે પવિત્રતા ખાતર અનેક ઉપાયો કરે છે છતા જેમ ઉકરડા ઉપર ચ્હાય તેટલું જલ નાખે, લસણને કર્પૂરાદિ દ્રવ્યોથી વાસિત કરે, અરે !

દુર્જનને સજ્જન કરવા પ્રયત્ન કરે તોપણ તે જેમ પોતાનો સ્વભાવ છોડતા નથી તેમ શરીર પણ જલથી ધુવે, તેલથી મસળે, વસ્ત્રાદિથી ભૂષિત કરે, ખાનપાનથી પુષ્ટ કરે છતા પોતાનો અશુચિ ધર્મ છોડતો નથી તોપણ તેને વારવાર પપાળવુ, જરા નરમ થયુ કે તેના ઉપચાર માટે મુઝાવું, અભક્ષ્ય તથા અપેય પદાર્થોનુ પણ ભક્ષણ કરવુ તે કેટલુ અયોગ્ય છે ?

જો કે "**शरीरमाद्यंखलु धर्मसाधनम्**' તે (શરીર) ધર્મમા મદદગાર હોવાથી જેમ ગાડી ચલાવવા માટે એરંડ તેલ પૈડાના મધ્ય ભાગમા આપવું પડે છે. તેમ શરીરનુ પણ સામાન્ય રીતે પોષણ કરવુ તે ઠીક છે. કિંતુ તેના ઉપર હુંપણાની બુદ્ધિ રાખી તેને સારૂ સારૂ ખવાડવા વિગેરેમા સમય ગાળી કાલક્ષેપ કરવો તે યોગ્ય નથી અશુચિમય દેહની ભાવના ભાવવાથી શરીર સબંધિ અહંકાર રહેતો નથી તેથી આત્મા અને દેહ જુદા છે એમ જણાય છે તેમ જણાયાથી જ્ઞાન, ધ્યાન, તપસ્યા, પરોપકારાદિ કરવા બુદ્ધિ થઈ યાવત્ મુક્તિ સુખ પ્રાપ્ત કરાય છે. અત્ર મલ્લિકુમારીએ પોતાના મિત્રોને બોધ આપવા કનક કુવરીનો દેખાવ કર્યો હતો તે ખાસ જાણવા યોગ્ય છે

છઠ્ઠી ભાવના સંપૂર્ણ.

સાતમી આશ્રવ ભાવના.

मनोवाक्काय कर्माणि, योगा' कर्म शुभाशुभम्,
यदाश्रवंति जन्तूनाम्, माश्रवा स्तेन कीर्तिताः ॥१॥
मैत्र्यादि वासित चेतः, कर्मसूते शुभात्मकम्,
कषायविषया क्रान्तं, वितनोत्य शुभं पुनः ॥२॥
शुभार्जनाय निर्मिथ्य, श्रुत ज्ञानाश्रितं वचः,
विपरीतं पुनर्ज्ञेय, मशुभार्जन हेतवे ॥३॥
शरीरेण सुगुप्तेन, शरीरी चिनुते शुभम्,
सततारंभिणा जन्तु घातकेना शुभं पुनः ॥४॥
कषाय विषया योगाः प्रमादा विरती तथा,
मिथ्यात्वमार्त्तरौद्रेचे–त्यशुभं प्रति हेतवे ॥५॥

અર્થ—મન, વચન, અને કાયાના વ્યાપારોને યોગો કહે છે. તે યોગદ્વારા પ્રાણીઓના શુભાશુભ કર્મ આવે છે તેથી તે શુભાશુભ કર્મને આશ્રવ કહેલ છે ? ૧

શુભ કર્મ અને અશુભ કર્મ કોને કહેવા તે કહે છે.

મૈત્રી પ્રમોદ કરૂણાદિ ભાવનાથી મન જ્યારે વાસિત થાય છે. ત્યારે શુભ કર્મ ઉપન્ન કરે છે અને ક્રોધાદિ કષાયો તથા ઈંદ્રિયોના

વિષયથી મન જ્યારે વ્યાપ્ત થાય છે. ત્યારે અશુભ કર્મ (ઉત્પન્ન કરે છે) વધારે છે ૨

શ્રુતજ્ઞાન આશ્રિને જે સત્ય વચન બોલાય તે શુભ કર્મ પ્રાપ્તિ માટે થાય છે અને તેથી એટલે શ્રુતજ્ઞાનથી વિરૂદ્ધ અસત્ય વચન બોલાય તે અશુભ કર્મ પ્રાપ્તિ માટે થાય છે. ૩

શરીરને સારી રીતે (અશુભ કાર્યોથી) ગોપવવાથી જીવ શુભ કર્મનો સચય કરે છે. અને નિરતર પ્રાણીઓને ઘાતક એવા આરભથી જીવ અશુભ કર્મ એકઠા કરે છે ૪

કષાય, વિષય, યોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ અને આર્ત્ત-રૌદ્ર ધ્યાન આટલા અશુભ કર્મના કારણો છે ૫

વિવેચન—કર્મ પુદ્ગલો ગ્રહણ કરવાના હેતુને આશ્રવ કહે છે કર્મના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અતરાય, એમ આઠ ભેદ છે. કેવા કારણો મલવાથી કયા કર્મો બધાય છે તેનુ બ્યાન ચતુર્થ કર્મ ગ્રથમા આપેલ છે. તે અહીં સક્ષેપમા લખેલ છે.

જ્ઞાન (મતિજ્ઞાનાદિ) જ્ઞાની (સાધુ આદિ) અને જ્ઞાનના સાધન પુસ્તકાદિ તે પ્રતે વિપરીત આચરણ કરવાથી જેમકે તેની આગળ ભણેલ છતા નથી ભણ્યો એમ કહી ગુણ ઓળવવા, વિનાશ બુદ્ધિ કરવી, દ્વેષ

ધરવો, જ્ઞાનીને ભોજન, પાણી, વસ્ત્ર, ઉપાશ્રયાદિ કોઈ આપતુ હોય તેમા વિઘ્ન કરવુ, આચાર્ય, ઉપાધ્યાયાદિનો અવિનય કરવો, અકાલ વેલાએ સ્વાધ્યાય કરવો, કાલ વેલાએ સ્વાધ્યાય ન કરવો, તથા પ્રાણી વધ, અસત્યવચન, ચૌર્યકર્મ, મૈથુન, પરિગ્રહમાં મમતા, રાત્રિભોજનાદિ સેવવા વિગેરે **જ્ઞાનાવરણીય** કર્મબંધના હેતુ છે.

સમ્મતિ તર્ક, અનેકાન્તજયપતાકાદિ પ્રમાણભૂત શાસ્ત્ર ઓળવવા તથા સમ્યકત્વવ્રતના દૂષણ બોલવા કર્ણચ્છેદ કરવો, નાસિકા છેદ કરવો, નેત્ર ખેચી લેવા, જીંભા કાપવી, પ્રાણીવધાદિ કરવા, અને પૂર્વોક્ત જ્ઞાનાવરણીય કર્મના પણ કારણો **દર્શનાવરણીય** કર્મના હેતુ છે.

यत ज्ञानदर्शनयोस्तद्ध, त्तद्हेतूना च येकिल,
विघ्ननिह्नव पैशून्या, शातनाघातमत्सराः ॥१॥
ते ज्ञान दर्शनावार कर्महेतव आश्रवाः ॥

માતા, પિતા, ધર્માચાર્યાદિની ભક્તિ, ક્ષમા, કરૂણા, વ્રત, કષાયજય, સુપાત્ર દાન, ધર્મમા દઢતા, બાલ, વૃદ્ધ, ગ્લાન આદિનુ વૈયાવચ્ચ, જિનપૂજા, અકામનિર્જરા, શૌચ, અને અજ્ઞાનતપ વિગેરે **શાતાવેદનીય** કર્મના હેતુ છે. ઉપર કહ્યાથી વિપરીત એટલે માતપિતા ગુર્વાદિની આશાતના, ક્રોધ, નિર્દયતા, અવ્રત, કષાય, કૃપણતા, ધર્મમા પ્રમાદ કરવો, હાથી, ઘોડા બળદ વિગેરેને નિર્દય રીતે મારવા, લાઞ્છન કર્મ

કરવા, પોતે શોક કરવો, બીજાને શોક, દુ:ખ ઉપજાવવા વિગેરે **અશાતાવેદનીયના** કારણો છે.

यदुक्तं–दुःख शोक वधास्तापक्रन्दने परिदेवनम् ॥
स्वान्योभयस्थाः स्युरसद्वेद्य स्यामी इहाश्रवाः ॥१॥

સન્માર્ગ ઉત્થાપન જેમકે "જ્ઞાનદર્શન ચારિત્ર મોક્ષદાતા નથી" ઉન્માર્ગ પ્રરૂપણા, દેવદ્રવ્ય ભક્ષણ, અન્ય કોઈ ભક્ષણ કરનાર તરફ ઉપેક્ષા (બીન કાળજી) તીર્થંકર, જિનપ્રતિમા, શ્રુત, ધર્મ, સર્વ દેવો તથા ચતુર્વિધ સંઘની નિંદા કરવી, ઉત્કટ મિથ્યાત્વની પરિણતિ, સર્વજ્ઞ સિદ્ધ અને દેવો નથી એમ કહેવુ, ધાર્મિક પુરૂષોને કલંક આપવું, અનર્થનો આગ્રહ કરવો, અસંયતિનું પૂજન કરવુ, પૂર્વાપર વિચાર વિના કાર્ય કરવુ, ગુર્વાદિનુ અપમાન કરવુ વિગેરે **દર્શનમોહનીય** કર્મના હેતુછે.

उक्तंच–वीतरागे श्रुतसंघे धर्मे सर्वसुरेपु च,
अवर्णवादिता तीव्र मिथ्यात्व परिणामिता ॥१॥
सर्वज्ञसिद्धदेवा पह्नवो धार्मिक दूषणम्,
उन्मार्गदर्शनानर्थाग्रहो संयतपूजनम् ॥२॥
असमीक्षितकारित्वं गुर्वादिष्ववमानना ।
इत्यादयो दृष्टि मोहस्याश्रवाः परिकीर्तिता. ॥३॥

કષાયના ઉદયથી આત્માના જે તીવ્ર પરિણામ તથા સાધુપુરૂષોની નિંદા કરવી, ધર્મ કરવા તત્પર થયેલાઓને વિઘ્ન કરવા, મધુ, માસ વિગેરેથી વિરત્ત થયેલા પાસે તે વસ્તુઓના ગુણ વખાણવા, વિરતિ અને અવિરતીઓને વિઘ્ન કરવુ, સસારાવસ્થાના ગુણો કહેવા, ચારિત્રને દોષિત કહેવુ, શાત થયેલા કષાય નોકષાયની ઉદીરણા કરાવવી, આ સર્વે **ચારિત્રમોહનીય**ના બધના કારણો છે

कषायोदयतस्तीव्र परिणामोय आत्मनः ॥
चारित्रमोहनीयस्य सआश्रव उदीरितः ॥१॥
साधूनागर्हणा धर्मोन्मुखानाविघ्नकारिता ॥
मधुमांस विरताना मविरत्यभिवर्णनम् ॥२॥
विरताविरतानाचांतरायकरणंमुहुः ॥
अचारित्र गुणाख्यानं तथा चारित्र दूषणम् ॥३॥
कषायनोकषायाणा मन्यस्थानामुदीरणम् ॥
चारित्रमोहनीयस्य सामान्येनाश्रवा अमी ॥४॥

મશ્કરી, કામ પ્રદીપ્ત થાય તેવી ચેષ્ટાઓ, વારંવાર હસવુ, બહુ પ્રલાપ, અને દીનવચન વિગેરે હાસ્યમોહનીયના હેતુ છે.

દેશ, વિદેશ આદિ જોવાની ઉત્સુકતા, ચિત્ર કાઢવા, રમવુ, ખેલવુ, અન્યના ચિત્તને હરણ કરી લેવું એટલે પોતાને આધીન કરવુ, આ **રતિ**મોહનીયના હેતુ છે.

ઇર્ષ્યા, પાપમા રક્તતા, બીજાના આનદનો નાશ કરવો, દુષ્કર્મમાં અન્યને ઉત્સાહી કરવા, વિગેરે **અરતિ**મોહનીયના આશ્રવ છે.

પરને શોક કરાવવો, પોતે શોક કરવો, રૂદન કરવું વિગેરે **શોક** મોહનીયના આશ્રવો છે.

સ્વય ભયવાળુ **થવું**, અન્યને **ભય** પમાડવો, ત્રાસ આપવો, અને નિર્દયપણુ કરવું. તે **ભય** મોહનીયના કારણો છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સઘના અપવાદ બોલવા, જુગુપ્સા કરવી, સારા આચાગેની નિંદા કરવી, આ **જુગુપ્સા** મોહનીય કર્મબધના હેતુ છે. ઇર્ષ્યા જુઠું વચન બોલવું, વક્રતા રાખવી, પરસ્ત્રી લપટતા વિગેરે **સ્ત્રીવેદના** કારણોછે પોતાની સ્ત્રીમા સતોષ, ઇર્ષ્યા નહી કરવાપણુ, કષાયની મદતા (ઓછાશ) સરલતા, શીયળ પાલન, આદિ **પુરૂષ વેદના** કારણો છે. સ્ત્રી પુરૂષ સબધિ કામ સેવા, તીવ્રકષાય, અતિવિષયાસક્તિ, સતી સ્ત્રીઓના વ્રત ભગ કરવાપણું ઇત્યાદિ **નપુસક** વેદ બધનના કારણો છે પચેદ્રિય પ્રાણીનો વધ, ઘણો આરભ, ઘણો પરિગ્રહ, નિર્દયત્વ, માસ ભોજન, દૃઢ વૈરરાખવાપણું, રૌદ્ર ધ્યાન, મિથ્યાત્વ, અનતાનુબધી કષાય, કૃષ્ણ લેસ્યા, નીલ લેસ્યા, કાપોત લેસ્યા, અસત્ય ભાષણ, પરદ્રવ્યનુ હરણ, વારવાર મૈથુન સેવવુ અને ઇદ્રિય પરાધીનતા ઇત્યાદિ નરક **આયુષ્ય બંધના** આશ્રવો છે.

यन्न्यगादि–पंचेंद्रिय प्राणिवधो बह्वारंभ परिग्रहौ ॥
निरनुग्रहता मांसभोजनं स्थिर वैरता ॥१॥
रौद्रध्यानं मिथ्यात्वानंता नुबंधिकषायता ॥
कृष्णनीलकापोताश्च लेश्या अनृत भाषणम् ॥२॥
परद्रव्यापहरणं-मुहुर्मैथुन सेवनम् ॥
अवशेन्द्रियताचेति-नरकायुष आश्रवाः ॥३॥

ઉન્માર્ગનો ઉપદેશ, સન્માર્ગનો નાશ, હૃદયની મૂઢતા, આર્ત્ત ધ્યાન, કરેલ પાપનુ છુપાવવાપણુ કપટ, આરભ, પરિગ્રહ, અતિચાર સહિત શીયળ વ્રત, નીલ તથા કાપોત લેશ્યા અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય આદિ **તિર્યંચ** (જનાવરના) આયુષ્ય બધનના કારણો છે.

यदवाचि–उन्मार्गदेशना मार्गमणाशो गूढ चित्तता ॥
आर्त्तध्यानं सशल्यत्वं मायारंभ परिग्रहौ ॥१॥
शीलव्रते सातिचारो नीलकापोतलेश्यता ॥
अप्रत्याख्यान कषायास्तिर्यगायुष आश्रवाः ॥२॥

અલ્પ આરભ, અલ્પ પરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા, સરલતા, કાપોત અને પીત લેશ્યા, ધર્મ ધ્યાનમાં પ્રીતિ પ્રત્યાખ્યાનાવરણીય કષાય, મધ્યમ પરિણામ, સવિભાગ કરવાપણું, દેવગુરૂનુ પૂજન,

સજ્જનને માન આપવાપણું, પ્રિય બોલવું, સુખે બોધ કરી શકાય અથવા સમજાવી શકાય તેવી બુદ્ધિ અને લોક સમૂહમા મધ્યસ્થપણે રહેવાપણુ. વિગેરે **મનુષ્ય આયુષ્ય** બધના હેતુ છે.

आहच–अल्पौपरिग्रहारंभौ सहजेमार्दवार्जवे ॥
कापोतपीतलेश्यात्वं धर्मध्यानानुरागिता ॥१॥
प्रत्याख्यान कषायत्वं परिणामश्च मध्यमः॥
संविभाग विधायित्वं देवतागुरु पूजनम् ॥२॥
पूर्वालापप्रियालापौ सुखप्रज्ञापनीयता ॥
लोकयात्रासुमाध्यस्थं मानुषायुषआश्रवाः ॥३॥

સરાગ સજમ, દેશવિરતિ, અકામ નિર્જરા, ઉત્તમ પુરૂષની સગાત, ધર્મશ્રવણ, સુપાત્રદાન, તપશ્ચર્યા, શ્રદ્ધા રત્નત્રય (જ્ઞાન દર્શન ચારિત્ર) નીઆરાધના, મરણ સમયે પીત અને પદ્મ લેશ્યાની પરિણુતિ બાલતપ, શુભ પરિણુતિ પૂર્વક અગ્નિ પાણી આદિમા મૃત્યુ, હેતુ આદિ વિના સમજયે સામાયિકાદિ **દેવ** આયુષ્ય બંધન કરવાનાં કારણો છે.

यदाहु–सरागसंयमो देशसंयमो कामनिर्जरा ॥
कल्याणमित्रसंपर्को धर्मश्रवणशीलता ॥१॥
पात्रेदानं तपःश्रद्धा रत्नत्रयाविराधना ॥

मृत्युकाले परिणामो लेश्ययोः पद्मपीतयोः ॥२॥
बालंतपोग्नितोयादि साधनोल्लंबनानिच ॥
अव्यक्त सामायिकता देवस्यायुष आश्रवा ॥३॥

મન, વચન, કાયાનુ વક્રપણું, બીજાને ઠગવાપણું માયા પ્રયોગ, મિથ્યાત્વ પૈશુન્ય, ચલચિત્તતા, વસ્તુઓમાં સેળભેળ કરવાપણું, જુઠી સાક્ષી ભરવી, પરના અગોપાગાદિ કાપવા, મત્રો, પાજરાઓ બનાવવાં, કુડાતોલાં માપાં બનાવવાં અન્યની નિદા અને સ્વપ્રશસા કરવી, હિસા, અસત્ય ચોરી, મૈથુન, આરભ મહા પરિગ્રહ, કઠોર અને અસભ્યતાવાળાં વચનો, બહુ બોલવાપણું, આક્રોશ કરવો, બીજાના સૌભાગ્યનો ક્ષય કરવો, કામણુ દુમણુની ક્રિયા કરવી, કુતુહલ, અન્યની હાંસી, વિટબના કરવી, વેશ્યા પ્રમુખ નીચ સ્ત્રીઓનુ પોષણ, દાવાનલ આપવો, દેવ આદિના બ્હાનાથી વસ્તુ લેઈ પોતે ભોગવવી. ઉત્કટ કષાય, જીન મદિર, ઉપાશ્રય આરામ અને પ્રતિમાદિનો વિનાશ કરવો, અને અગાર પાડવા વિગેરે પાપ ક્રિયા કરવી ઇત્યાદિ **અશુભ** નામ કર્મ બધના હેતુ છે.

અશુભનામ કર્મના કારણોથી ઉલટી રીતે જે વર્તવુ તે તથા સસારથી ભય પામવો, પ્રમાદની ઓછાશ, સદ્ભાવ અર્પણુ, ક્ષમાદિ ગુણોની વૃદ્ધિ, ધર્મિ પુરૂષના દર્શનથી હર્ષ તથા તેના સત્કારાદિ ક્રિયા કરવાપણુ, પરોપકાર રસિકતા ઇત્યાદિ **શુભ નામ** કર્મના કારણો છે.

અરિહંત, સિદ્ધ, ગુરૂ, સ્થવિર, બહુશ્રુત, ગચ્છ, શ્રુતજ્ઞાન, અને તપસ્વીઓની ભક્તિ કરવાપણું, આવશ્યક અને શીયલને વિષે અપ્રમાદ, વિનીતપણું, જ્ઞાનાભ્યાસ, તપસ્યા, ત્યાગપણું, વારંવાર ધ્યાન, શાસનની પ્રભાવના, સંઘમાં શાંતિ કરવી, સાધુઓનું વૈયાવચ્ચ કરવું, અપૂર્વ જ્ઞાન ગ્રહણ, અને વિશુદ્ધ સમ્યકત્વ આ વીશસ્થાનકોનું મન, વચન, કાયાથી સેવન કરવાથી **તીર્થંકર નામ** બંધાય છે એટલે વીશ સ્થાનક **તીર્થંકર** નામ કર્મ બંધ હેતુ છે. જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય (ઠકુરાઈ) બલ, રૂપ, તપ, શ્રુતાદિ સંપત્તિ યુક્ત છતાં મદરહિતપણું, નિરંતર ભણવા ભણાવવામાં રૂચિપણું અર્થાત્ સ્વયંભણે બીજાને ભણાવે, ભણાવવામાં પોતે શક્તિવાળો ન હોય છતાં બીજા ભણનાર તથા ભણાવનારનું બહુમાન, અનુમોદન, સ્તુતિ, સહાય કરવાપણું તથા અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જૈન મંદિર તથા બીજા પણ જે ગુણથી વૃધ્ધ હોય તેની ભક્તિ બહુમાન કરવું, મનવચન, કાયાથી એમનો વિનય કરવો, તથા આગલ કહેવાતાં નીચ ગોત્રના કારણોથી વિપરીત કારણો આ બધાં કારણો ઉચ્ચ ગોત્ર બંધનનાં છે.

ઉચ્ચ ગોત્રનાં કહેલ કારણોથી વિરૂધ્ધ કારણો એટલે પરની નિંદા અવજ્ઞા, હાંસી, સારા ગુણનો લોપ કરવો, હોય કે ન હોય તેવા ગુણ દોષ કહેવા, આત્મ (પોતાની) પ્રશંસા, સદ્ અસદ્ ગુણનું કહેવું, પોતાના

દોષો ઢાકવા, જાતિ લાભ આદિનો ગર્વ કરવો વિગેરે **નીચ ગોત્રના** હેતુ છે

જિન પૂજાનો નિષેધ, હિંસાદિપાપમા તત્પરના, સાધુઓને ભોજ-નપાન, ઉપાશ્રય, ઉપધિ, ઔષધાદિ આપનારને અટકાયત કરવી, ભોગ ઉપભોગ, મત્ર પ્રયોગ પરની શક્તિનો નાશ કરવો વિગેરે **અંતરાય કર્મ** બધનના આશ્રવો છે આ પ્રમાણે કર્મબધના કારણો સમજી તેથી મુક્ત થવા માટે આશ્રવ ભાવનાને પુન પુન. યાદ કરો ! કુગુરૂએ જોડેલા અને કુમતિથી પ્રેરાયેલા આશ્રવો મોક્ષમાર્ગનો ત્યાગ કરી દુષ્ટ ક્રિયા વડે સંસારની વૃધ્ધિ કરે છે. વિષયને વશ થયેલા જીવો આ લોક અને પરલોકમા કર્મ વિપાકથી અતિ વિસ્તાર પામેલા હજારો દુખો સહે છે જેમ ચોતરફથી આવતા પાણીથી તળાવ તુરત ભરાઇ જાય છે તેમ ચોતરફથી આવતા કર્મો વડે આત્મા પણ કર્મથી ઘેરાઈ અતિ વ્યાકુલતા પામે છે વિષયને વશ થયેલા પ્રાણીઓ કષાયથી વ્યાપ્ત થઈ મહાનરકાદિમા જાય છે. અને અનતીવાર જન્મ, જરા, મરણની ઘટ માળામા ભમ્યા કરે છે.

હાથી, માછલુ,ભ્રમર, પતગ અને હરણ આદિ બિચારા અનેક પ્રકારની વેદના સહન કરે છે જ્યારે તે એક એક ઇંદ્રિયના વિષયને વશ થઇ વિટબનાઓ પામે છે તો જે પ્રાણીઓ પાચે ઈંદ્રિયોને આધીન થઇ ગયા છે તેમની શી સ્થિતિ થશે ? મન વચન કાયાએ કરી ચચળ

થયેલો જીવ પાપ રૂપ કાદવમા લેપાય છે માટે પંડિત પુરૂષોએ સમતા ધારણ કરીને આત્મ ગુણનો લોપ કરનાર આશ્રવનો જય કરવા સતત્ પ્રયત્ન કરવો?

સાતમી ભાવના સંપૂર્ણ.

આઠમી સંવર ભાવના.

सर्वेषामाश्रवाणांतु निरोधःसंवरःस्मृतः ॥
सपुनर्भिद्यतेद्वेधा द्रव्यभाव विभेदतः ॥१॥

यःकर्मपुद्गलादानच्छेद.सद्रव्यसंवरः ॥
भवहेतुक्रियात्यागः सपुनर्भाव संवरः ॥२॥

અર્થ—પૂર્વે સાતમી ભાવનામાં કહેલા આશ્રવોનો નિરોધ કરવો (આવતાં અટકાવવા) તેને સંવર કહે છે. તે સંવર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે. ૧

આશ્રવદ્વારોવડે ગ્રહણ કરાતાં કર્મપુદ્ગલોના આદાન (ગ્રહણ) ને બંધ કરવું તે દ્રવ્ય સંવર કહેવાય છે. અને ભવના હેતુભૂત આત્મ-વ્યાપારરૂપ ક્રિયાનો ત્યાગ કરવો તે ભાવ સંવર કહેવાય છે. ૨

વિવેચન—જેમ સરોવરમા પાણી આવવાના રસ્તાઓ ખુલ્લા હોવાથી તે દ્વારા પાણી અંદર આવે છે, અને તે દ્વારો બંધ હોય તો તે પાણી આવતું અટકે છે. અથવા મ્હોટા રાજમાર્ગમા ઘણા બારણાવાળું ખુલ્લુ ઘર હોય તે દ્વારોથી તેમા ધુળ રજ ભરાય છે. અને જો બારણા બંધ હોય તો ધુળ ભરાતી નથી, અથવા તો છિદ્રયુક્ત વહાણમા પાણી ભરાઈ જાય છે. કિંતુ છિદ્ર બંધ હોય તો ભરાતું નથી. તેમ અહીંપણ અઢાર પાપ સ્થાનકરૂપ રસ્તાઓથી જીવરૂપ સરોવરમા પાપરૂપ પાણી આવે છે, અને તે પાપ સ્થાનકોરૂપ માર્ગ બંધ કરવાથી પાપ આવતું અટકે છે. તથા સંસારરૂપ મ્હોટા રાજમાર્ગમા રાગ દ્વેષ રૂપ દ્વારોથી કર્મરૂપ ધુળ રજ ભરાય છે. પણ જો રાગ દ્વેષરૂપ દ્વાર બંધ કરેલ હોય તો કર્મરૂપ રજ ભરાતી નથી. તેમજ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગાદિ આશ્રવરૂપ છિદ્ર ખુલ્લુ હોય તો વહાણરૂપ જીવમા કર્મ જલ ભરાઈ જાય છે. અને તે મિથ્યાત્વાદિ છિદ્ર બંધ કરેલ હોય તો કર્મ દ્રવ્યો પેશી શકતા નથી અર્થાત્ કર્મને આવવાના આશ્રવ દ્વારને રોકનાર સંવર કહેવાય છે. હવે આશ્રવને રોકવાનો ઉપાય બતાવે છે.

જે જે ઉપાયથી જે જે આશ્રવનો રોધ થાય તે તે આશ્રવ રોધવા માટે બુદ્ધિવંત જનોએ તે તે ઉપાયો યોજવા પ્રયત્ન કરવો. જેમકે ક્ષમાવડે ક્રોધને, નમ્રતાવડે અભિમાનને, આર્જવ (સરલતા)

વડે માયાને, અને સતોષવડે સમુદ્ર જેવા દુસ્તર લોભને રોધી દેવા (રોકવા) અર્થાત્ તે તે સદ્‌ઉપાયોવડે ક્રોધાદિ ચારે વિષમ કષાયોનો વિનાશ કરવો. અસયમ એટલે ઇંદ્રિયોની સ્વચ્છદ પ્રવૃત્તિથી વૃદ્ધિ પામેલા વિષ (ઝેર) તુલ્ય વિષયોને પડિત જનોએ અખડ સયમવડે (જિતેદ્રિયપણે) દૂર કરવા. અર્થાત્ સયમવડે વિષય તથા અવિરતિનો નિગ્રહ કરવો મન, વચન, કાય (ત્રણ) ગુપ્તિવડે દુર્જય અને અધમ મન વચન કાયાના યોગોને જીતિ લઇ સવર માર્ગમા પ્રયત્નશીલ થવુ. અપ્રમાદથી પ્રમાદને તથા સાવદ્ય યોગોને અને અવિરતિને પણ કબજે કરવી સમ્યક્ત્વવડે હઠકદાગ્રહ (મિથ્યાત્વ) નો રોધ કરવો. અને શુભ વિચારોમા ચિત્તને સ્થિરતા કરાવીને આર્ત્તરૌદ્રધ્યાનનો નિગ્રહ કરવો.

પૂર્વોક્ત ઉપાયોને સક્ષેપમા જણાવે છે. નિર્દોષ +રત્નત્રયીનુ આરાધન કરવુ, વિષય વિકારને દૂર કરવા, નિષ્કષાય થવુ, પુદ્‌ગલ મમતા ત્યાગી વૈરાગ્યનો આદર કરવો, શુદ્ધ મનથી તપ, જપ, વ્રત નિયમોનુ સેવન કરવું, મહા ગુણવાળું નિર્મલ બ્રહ્મચર્ય પાળવુ, સદ્‌ગુરૂ ઉપદેશને નિધાન પેઠે સાચવી રાખવો ' અને જ્ઞાનસ્વરૂપ આત્માની પીછાણ કરવી આવા કારણોથી આશ્રવોનો રોધ કરવાથી પવિત્ર જિન વચનમા શ્રદ્ધાયુક્ત થઈ શુદ્ધ કરણીથી ભવસમુદ્ર તરીને મોક્ષ મહેલમા

+ જ્ઞાન, દર્શન, ચારિત્ર.

પહોચાય છે. માટે સવર ભાવનાનુ વારંવાર રટણ કરી કર્મબંધ રોકવાના કારણોને જાગ્રતિમા લાવી સવર પ્રાપ્ત કરી મુક્તિ સુખ મેલવો !

આઠમી ભાવના સપૂર્ણ.

નવમી નિર્જરા ભાવના.

संसारबीजभूताना कर्मणांजरणादिह ॥
निर्जरासास्मृताद्वेधा सकामाकामवार्जिता ॥१॥
ज्ञेयासकामायमिना मकामात्वन्यदेहिनाम् ॥
कर्मणाफलवत्पाको यदुपायात्स्वतोपिहि ॥२॥
सदोषमपिदीप्तेन सुवर्णवन्हिनायथा ॥
तपोग्निनातप्यमानस्तथाजीवोविशुध्याति ॥३॥

અર્થ—સસારના બીજ (હેતુ) ભૂત કર્મોનુ (આત્મ પ્રદેશોથી) ઝરવુ થતું હોવાથી તેને નિર્જરા કહી છે તે નિર્જરા "સકામ નિર્જરા અને અકામ નિર્જરા" એમ બે પ્રકારે કહેલ છે. ૧

આ સકામ નિર્જરા સાધુઓને હોય છે અને અકામ નિર્જરા બીજાં (એકેદ્રિયાદિ) પ્રાણીઓને હોય છે. કારણ કે કર્મોનો પાક પણ

ફૂળની માફક એક સ્વાભાવિક અને બીજો ઉપાયથી એમ બે પ્રકારે હોય છે. ૨

જેમ દોષ (મેલ)વાળુ પણ સોનુ દેદીપ્યમાન અગ્નિમા નાખ-વાથી તેના વડે શુદ્ધ થાય છે, તેમ જીવ પણ (કર્મોએ કરી દોષયુક્ત છે છતા) તપસ્યારૂપ અગ્નિવડે તપતો શુદ્ધ થાય છે ૩

વિવેચન—પૂર્વે ભેગુ થયેલુ સરોવરનુ પાણી સૂર્યના ઉત્કટ કીરણોથી જેમ સુકાઈ જાય છે, તેમ પૂર્વે બાંધેલા સર્વ કર્મો તપશ્ચ-ર્યાથી સુકાઇને ક્ષય પામે છે જેમ વૃદ્ધિ પામેલ અજીર્ણાદિ દોષ લાંઘણ કરવાથી નાશ પામે છે, તેમ તપથી પૂર્વે એકઠા કરેલ કર્મો નાશ પામે છે. જેમ મ્હોટા પવનથી હણાયેલ વાદળનો જથ્થો વિખેરાઈ જાય છે, પ્રચડ અગ્નિથી મહા વનખડ બલી ભસ્મ થાય છે, તેમ તપસ્યાથી કર્મો વિખેરાઈ છિન્નભિન્ન થઈ જાય છે. આ તપ ૭ બાહ્ય અને ૭ અભ્યતર એમ બાર પ્રકારનો છે.

—यदुक्तं=

१ २ ३
अनशनमौनोदर्यं वृत्ते संक्षेपणतथा ॥
४ ५ ६
रसत्यागस्तनुक्लेशो लीनतेतिबहिस्तपः ॥१॥

७ ८ ९ १०
प्रायश्चित्तवैयावृत्य स्वाध्यायोविनयोपिच ॥
११ १२
व्युत्सर्गोथशुभंध्यानषोढेत्याभ्यंतरंतपः ॥२॥

એટલે ૧ ઉપવાસાદિ તપ કરવો તે અનશન, ૨ ઓછુ ખાવુ તે ઉણોદરિકા, દ્રવ્યનો સક્ષેપ કરવો તે ૩ વૃત્તિ સક્ષેપ, ૪ રસવાળી (ઘૃતાદિ) વસ્તુઓનો ત્યાગ તે રસત્યાગ, લોચાદિ કષ્ટ સહન કરવા તે ૫ કાયક્લેશ, અને શરીરના અગોપાગ સકોચી રાખવા તે ૬ સંલીનતા—આ છ બાહ્ય તપના ભેદ છે ૧ ખાસ કરીને આ તપથી ઈંદ્રિયોપર સયમ સારી રીતે આવી જાય છે. નિર્જરા માટે બાહ્ય તપથી અભ્યંતર તપ વિશેષ અગત્યનો છે તે ખાસ મનન કરવા યોગ્ય છે

કરેલ પાપનુ પ્રાયશ્ચિત (આલોયણા) અધિકારી વડીલ ગુરૂ પાસે પશ્ચાત્તાપપૂર્વક લેવુ તે ૧ પ્રાયશ્ચિત, બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વીની ભક્તિ કરવી તે ૨ વૈયાવૃત્ય (વૈયાવચ્ચ) પુસ્તક ભણવુ ચિન્તન ચર્ચાદિ કરવા તે ૩ સ્વાધ્યાય, વડીલ ગુર્વાદિને યોગ્ય રીતે માન આપવુ ૪ વિનય, કર્મ ક્ષય કરવા કાયોત્સર્ગ (કાઉસ્સગ) કરવો તે ૫ વ્યુત્સર્ગ (ઉત્સર્ગ) અને ધર્મ તથા શુકલ ધ્યાન ધ્યાવા તે ૫ શુભધ્યાન અભ્યતર તપમા પણ ધ્યાન તપ શિરોમણિ છે. કારણ કે ધ્યાન તપ કરનારા

મુનિવરો +પ્રભૂતકાલનાં એકઠાં કરેલાં કર્મો પણ એક ક્ષણમાં નિર્જરી નાંખેછે.

આ તપથી કઠોર કર્મ કરવાવાળા મહાત્મા દૃઢ પ્રહારી જેવાઓ પણ કર્મ ક્ષય કરી અક્ષય પદ પામ્યા છે માટે સંસારથી મુક્ત થવા નિર્જરાભાવના નિરતર યાદ કરવી.

નવમી ભાવના સંપૂર્ણ.

દશમી ધર્મ સુઆખ્યાત ભાવના.

स्वाख्यातःखलुधर्मोयं भगवद्भिर्जिनोत्तमैः ॥
यंसमालंबमानोहि नमज्जेद्भवसागरे ॥१॥
संयमःसूनृतंशौच ब्रह्माकिंचनतातपः ॥
क्षांतिर्मार्दवमृजुता मुक्तिश्चदशधासतु ॥२॥

અર્થ—સર્વજ્ઞ ભગવાન્ તીર્થંકરોએ આ ધર્મ ઘણીજ સારી રીતે કહેલ છે. કે જે દુર્ગતિમા પડવાના ભયથી તે ધર્મનુ આલંબન કરનારો ભવસમુદ્રમા ડુબતો નથી. ૧

તે ધર્મ સયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, અકિચનતા (નિર્મમત્વ) તપ, ક્ષમા, નમ્રતા, સરલતા, અને નિર્લોભપણું, એમ દશ પ્રકારે છે. ૨

+ ઘણા.

વિવેચન—ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ રત્નાદિ મનોવાંચ્છિત ફળ આપે છે અને તેહીજ કલ્પ વૃક્ષ આદિનું અધર્મિષ્ઠ મનુષ્યોને દર્શન માત્ર પણ થતું નથી મહાન્ દુ:ખ રૂપ સમુદ્રમા પડતાં પ્રાણીઓને નિરતર નજીક રહેવાવાળો અને બધુ સમાન અતિપ્રિય એક ધર્મજ રક્ષણ કરે છે સમુદ્ર પૃથ્વીને બોળી દેતો નથી અને વર્ષાદ પૃથ્વીને તૃપ્ત કરે છે તે કૃપા માત્ર નિશ્ચયથી ધર્મનીજ છે. અગ્નિ અને વાયુ ઉપદ્રવ કરતા નથી, આ અચિંત્ય મહિમાનું કારણ ધર્મજ છે. વિશ્વના આધાર ભૂત પૃથ્વી આલબન અને આધાર વિના રહી શકે છે. તેમા ધર્મ વિના બીજુ કોઇપણ કારણ નથી. સૂર્યને ચદ્ર પણ આ જગતના ઉપકાર માટે ઉદય પામે છે. તે પણ ધર્મની આજ્ઞાથીજ થાય છે. આ ધર્મ જેને ભાઈ ન હોય તેને ભાઈ સમાન છે મિત્ર ન હોય તેને મિત્ર સમાન છે, અનાથનો નાથ છે. તેમજ સર્વનુ હિત કરનાર છે જેઓએ ધર્મનુ શરણ લીધુ છે તેઓને રાક્ષસ, યક્ષ, સર્પ વ્યાઘ્ર, વ્યાલ, અગ્નિ અને ઝેર પ્રમુખ દુઃખ આપવાને અથવા બુરૂ કરવાને સમર્થ થતા નથી ધર્મ નરક અને પાતાલમા પડતા જીવોનુ રક્ષણ કરે છે યાવત્ ઉપમા રહિત સર્વજ્ઞપણાના વૈભવને પણ પ્રાપ્ત કરાવનાર ધર્મજ છે.

કષ્ટકારી દશા ભોગવવાના સમયે પિતા, માતા, ભ્રાતા, અને પુત્ર પણ જ્યારે અહિત કરવા ઉદ્યમ કરે છે. સૈન્યપણ દીન થઇ જાય

છે, અને ભુજ બલ પણ નકામુ થાય છે ત્યારે ધર્મ રૂપ સજ્જન જગતનુ હિત કરવા સજ્જ થાય છે, વિશાળ રાજ્ય, પ્રિય સ્ત્રી, આલ્હાદકારી પુત્રના પણ પુત્ર, સુદર રૂપ, સરસકવિત્વશક્તિ, સ્વર માધુર્ય, આરોગ્યપણુ, ગુણગ્રાહ્યબુદ્ધિ સજ્જનપણુ, અને સદ્બુદ્ધિ રૂપ ફલો ધર્મથીજ મલે છે.

સમ્યગ્ દર્શનનો દરવાજો, પચમહાવ્રતરૂપસાધનયુક્ત, બાર અગવાન્, જીવ અજીવ આદિ તત્વોનો ઉપદેશક, સસારતારક, અને મોક્ષ પ્રાપક (પ્રાપ્ત કરાવનાર) એવો શ્રી પરમોપકારી તીર્થંકર પ્રભુએ કહેલો ધર્મ છે. ૧ આ પ્રમાણે ધર્મ ભાવનાનુ ચિતન કરનાર પ્રાણી ધર્મ માર્ગથી ભ્રષ્ટ ન થતા ધર્મમા દઢ થઇ શીવપદ મેળવે છે

દશમી ભાવના સંપૂર્ણ.

અગ્યારમી લોક ભાવના.

कटिस्थकरवैशाख स्थानकस्थनराकृतिम् ॥
द्रव्यैःपूर्णस्मरेल्लोकं स्थित्युत्पत्तिव्ययात्मकैः ॥१॥
लोकोजगत्त्रयाकीर्णो भुव.सप्तात्र वेष्टिताः ॥
घनाम्भोधिमहावात तनुवातैर्महाबलैः ॥२॥

वेत्रासनसमोधस्ता न्मध्यंतोझल्लरीनिभः ॥

अग्रेमुरजसंकाशो लोक'स्यादेवमाकृतिः ॥३॥

निष्पादितोनकेनापि नधृतःकेनाचिच्चसः ॥

स्वयंसिद्धोनिराधारो गगनेकिंत्ववस्थितः ॥४॥

અર્થ—બન્ને હાથ કેડ ઉપર રાખી, બન્ને પગ પહોળા કરી ઉભેલા મનુષ્યની આકૃતિ જેવો તથા સ્થિતિ, (ધ્રૌવ્ય) ઉત્પત્તિ, અને વ્યય (નાશ) ધર્મવાળા છ દ્રવ્યોથી પૂર્ણ ચૌદ રજ્જુ પ્રમાણ લોકને ચિતવે. ૧

આ લોક ત્રણે જગત્‌થી વ્યાપ્ત છે (અધો લોકમા રહેલી નરકની) સાત પૃથિવીઓ મહાન્ બલિષ્ઠ એવા ઘનાભોધિ (ઘટ્ટ જામેલજલ) થી મહાવાત (ઘટ્ટ જામેલવાયુ) થી, તથા તનુ (પાતળા) વાયુથી નીચે નીચે વિટાએલી છે. ૨

આ લોક અધોભાગમા વેત્રાસન (નીચે વિસ્તારવાળો અને ઉપર ઉપર સકોચતી આકૃતિવાળો) ના આકાર જેવો છે મધ્ય ભાગમા ઝાલરની આકૃતિ જેવો છે. અને ઉપરના ભાગમા મુરજ (ઢોલક વાદ્ય વિશેષ) ના આકાર સરીખો છે. આવી આકૃતિવાળો લોક છે. ૩

ઉપર કહેલ લોકને કોઇએ ઉત્પન્ન કર્યો નથી. તેમજ કોઇએ

તેને પકડી (ધારી) રાખ્યો નથી, કિંતુ તે તો સ્વયંસિદ્ધ અને નિરાધાર (આધાર વિના) આકાશમા રહેલ છે. ૪

વિવેચન—ચૌદ રાજપ્રમાણ ઉંચો અને કેડે હાથ દીધેલા પહોળા પગ કરી ઉભેલા પુરૂષના આકારવાલો આ લોક છે. તેમાં કમર નીચે અધોભાગમા નીચે નીચે જતાં વિસ્તાર પામેલી (છત્રાકારે) રત્નપ્રભાદિક સાત રાજપ્રમાણુ સાત નારક પૃથ્વી છે. મધ્યમાં કદોરાને સ્થાને એક રાજપ્રમાણુ વિસ્તારવાલો તિર્યગ્લોક છે. તેમાં મનુષ્ય અને જ્યોતિષી છે. ઉપર ભાગમાં પેટ તથા મુખને સ્થાને પાંચ રાજપ્રમાણુ બાર દેવલોક ગૈવેયક અને અનુત્તર વૈમાન છે. તથા સર્વેથી ઉપર લોકને છેડે એટલે કપાળ સ્થાને એક રાજપ્રમાણ સિદ્ધસ્થાન મુકુટતુલ્ય છે. આ લોકમા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કાલ, પુદ્ગલાસ્તિકાય તેમજ જીવ એમ છ દ્રવ્યો રહેલા છે. ભવિતવ્યતાએ કાલ, ઉદ્યમ અને સ્વભાવાદિ ભાવયોગથી કર્મની સહાયલઇને નચાવેલા જીવ, પુદ્ગલો અનેકરૂપો કરી આ લોકમા નૃત્ય (ભ્રમણ) કરતા હોવાથી જીવ તથા પુદ્ગલોનુ આ એક નાટ્યસ્થાન છે. રંગભૂમિ છે. એમાં મહા યોગીઓ પણ હોય છે અને અધર્મ પ્રાણીઓ પણ હોય છે. દેવલોકમા દેવો આનંદ માણે છે. ત્યારે નારકી જીવો નરકમા દુઃખ પામે છે. મનુષ્ય લોકમા તિર્યંચ અને મનુષ્ય છે. દેવલોકમાં દેવો છે.

× અસંખ્યાત કોટા કોટી જોજન પ્રમાણ એક રાજ જાણવું.

નારક ભૂમિમા નારક જીવો અને અસુર દેવ હોય છે. સર્વ કર્મ રહિત જ્યારે પ્રાણી થાય છે ત્યારે સિદ્ધસ્થાનમા પહોચી અનતકાળ પર્યંત આનદમા નિવાસ કરી રહે છે. આ લોકમાંથી અનેક અનુભવો લઈ શકાય છે. કેમકે તેનુ કોઇકિ સ્થલ જુઓ તો દેવતાઓના મણિમય મદિરોથી શોભતું છે, અને કોઇકિ સ્થલ મહા અધકારમય નરકાદિથી ભયકર દેખાય છે, કોઇક જયમગલના શબ્દથી ઉત્સવાદિવડે દીપતું છે, ત્યારે કોઇકિ સ્થલ મહા દુઃખ, શોકથી હાહાકારમય થતું જણાય છે. એમ બહુ બહુ પ્રત્યેક વસ્તુ સ્વરૂપને વિચારતા સ્વસ્વરૂપ, પરસ્વરૂપ તો નિર્ણય થઇ સસારમા પર્યટનથી કટાળી મારે કયુ સ્થલ યોગ્ય છે તે ચોકસ કરી વીર્ય ફોરવી જીવ મુક્તિ પહોંચવા શક્તિ મેળવી શકે છે. માટે આ લોક સ્વરૂપને પુનઃ પુનઃ વિચારવું !

અગ્યારમી ભાવના સંપૂર્ણ.

બારમી બોધી ભાવના.

अकामनिर्जरारूपा त्पुण्याज्जंतोःप्रजायते ॥
स्थावरत्वंत्रसत्वंवातिर्यकत्त्वंवाकथंचन ॥१॥
मानुष्यमार्यदेशश्च जातिःसर्वाक्षपाटवं ॥
आयुश्चप्राप्यतेतत्र कथंचित्कर्मलाघवात् ॥२॥

प्राप्तेषुपुण्यतःश्रद्धा कथकश्रवणेष्वपि ॥
तत्त्वनिश्चयरुपंतद् बोधिरत्नंसुदुर्लभं ॥३॥

અર્થ–અકામ નિર્જરારૂપ પુણ્યથી કોઇપણ રીતે પ્રાણીઓને (નિગોદથી) સ્થાવરપણું, ત્રસપણુ અને તિર્યંચપણુ પ્રાપ્ત થાય છે. ૧ અને તેથી પણ વિશેષ કર્મલાઘવ (ઓછાશ)થી મનુષ્યપણું, આર્યદેશ, ઉત્તમ જાતિ, સર્વે ઇંદ્રિયની પટુતા, અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય છે. ૨ વળી વિશેષ પુન્યોદયથી શ્રદ્ધા, ધર્મ સાંભળવાની અભિલાષા, તેમજ ધર્મ કહેનાર ગુરૂ અને ધર્મનુ શ્રવણ મળવા છતા પણ તત્વ નિશ્ચયરૂપ બોધિરત્ન (સમ્યકત્વ) પામવું બહુ દુર્લભ છે. ૩

વિવેચન–અનાદિ નિગોદમા જન્મ, મરણની પીડાથી સદૈવ દુઃખી થયેલા જીવોને સ્થાવરપણુ પણ મળવુ મુસ્કેલ છે. કદાચિત્ અકામ નિર્જરા થવાથી નદીગોળપાષાણ ન્યાયથી વ્યવહાર રાશિમા આવીને અનેક રીતે અથડાતા પછડાતાં સ્થાવરપણુ પામે છે. તેમાથી કાઇક પુણ્ય વધવાથી ત્રસપણુ પામે છે. છતાં પચેંદ્રિયપણું, સંજ્ઞીપણું, દીર્ઘ આયુષ્ય, અને મનુષ્યત્વ પ્રાપ્ત થવું દુર્લભ છે. જો કે ! આ હદ સુધી પહોંચવું મહામુસ્કેલ છે. એવી દુર્મિળ વસ્તુ મળવા છતા પણ મૂઢ પુરૂષો તેને મહામિથ્યાત્વ, મોહ, માયા વિગેરેથી વ્યાપ્ત થવાથી અનેક કુયુક્તિવાળા જુદાજુદા પથોમાં લોભાઈ, મુંજાઈ, પારકી નિંદા કરવામાં, સંસારના ઝઘડામાં, ખાવાપીવાની મોજ માણુ-

વામાં, ફોગટની ખટપટોમાં, કુથળી કરવામાં નકામો સમય ગાળી (ગુમાવી) ને પ્રાપ્ત થયેલ મનુષ્યપણુ ખોઈ બેસે છે. એકીલુ મનુષ્યપણું મળવાથી કાંઈ વિશેષ નથી. કેમકે મનુષ્યપણું મળ્યું પરંતુ જો અનાર્ય દેશમા જન્મ થયો હોય તો જીવહિંસાદિ પાપો સેવીને પ્રાયઃ નરકાદિ દુર્ગતિમાં જવું રઝલવું થાય છે ત્યારે મનુષ્યપણુ, આર્યદેશ, તત્વ જાણુવાની ઇચ્છા, સદ્દગુરૂનો યોગ, ધર્મશાસ્ત્ર શ્રવણુ, અને ધર્મ સાંભળી તેમાં પ્રવૃત્તિ કરવી, આ સર્વ ઉત્તરોત્તર દુર્લભ છે છતાં પણ કદાચ અધિક પુણ્યોદયથી પૂર્વોક્ત સર્વ સામગ્રી મળે તોપણ બોધિરત્ન (સમ્યક્ત્વ) મળવું ઘણુંજ દુર્લભ છે, કેમકે જેટલી દુર્લભતા બોધિરત્નની છે તેટલી દુર્લભતા રાજ્ય અથવા ચક્રવર્તિપણુ મેળવવામાં નથી અર્થાત્ રાજ્ય, ચક્રવર્તિત્વથી પણુ બોધિરત્નની દુર્લભતા અધિક છે. શાસ્ત્રમાં ચારિત્રની સફળતા સમ્યકત્વયુક્ત હોય તોજ ગણાય છે,

यतः दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्सनथ्थि निव्वाणं ॥
सिज्झंतिचरणराहियादंसणराहियानासिज्झंति ॥

અને તેથીજ બોધિરત્ન વિના દ્રવ્યચારિત્રને ગ્રહણુ કરતા અભવ્યો પણુ ઉપરની ગ્રૈવયક સુધી જાય છે. છતાં નિવૃત્તિ (મોક્ષ) પામી શકતા નથી. સમ્યકત્વની સત્તા (શક્તિ) એટલી બધી છે કે તેનો આશ્રય કરનાર ભલે (લોક દૃષ્ટિએ) રંક હોય છતા ચક્રવર્તિથી પણુ અધિક સંપત્તિવાળો તે હોય છે અને તે સમકિતરહિત ચક્રવર્તિ હોય તોપણુ

ણ રંક જેવોજ છે. છેવટ! બોધિરત્ન પામેલા જીવો કદાપિ ભવમાં રંજ-થતા નથી કિંતુ ભવથી નિર્વેદ પામી માત્ર મોક્ષ માર્ગનુજ સેવન કરે છે. અત્યાર સુધી જે જીવો પરમપદ પામ્યા છે, પામશે અને સપ્રતિ પામે છે તે સર્વ પ્રભાવ સમ્યકત્વનોજ છે માટે તેની ઉપાસના કરવા નિરતર પ્રયત્નશીલ બની યાવત્-મુક્તિ મહેલમા પહોચી અનતાનદી થાઓ!

ઉપસંહાર.

भावनाभिरविश्रांतमि तिभाविनमानस. ॥
निर्ममःसर्वभावेषु समत्वमवलबते ॥१॥

પૂર્વોક્ત બાર ભાવનાઓ વડે મનને નિરતર ભાવિત (વાસિત) કરતા સર્વ પદાર્થોમા મમત્વરહિત થઇને પ્રાણીઓ સમભાવને મેળવે છે. સમભાવથી ધ્યાન થાય છે અને ધ્યાનથી આત્મજ્ઞાન થાય છે આત્મજ્ઞાનથી કર્મ ક્ષય થઈ મોક્ષ મેળવાય છે માટે સર્વે ગુણનુ મૂળ કારણ ભાવના છે, તે નિરતર ભાવવાથી આ સર્વે પ્રાપ્ત થશે.

બારમી ભાવના સંપૂર્ણ.

ચાર ભાવનાનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું, હવે મૈત્ર્યાદિચ્ચાર ભાવના સ્વરૂપ કહે છે.

પહેલી મૈત્રી ભાવના.

माकार्षीत्कोपिपापानि माचभूत्कोपिदुःखितः ॥
मुच्यतांजगदप्येषा मतिर्मैत्रीनिगद्यते ॥१॥

અર્થ—કોઇપણ જીવો પાપ કરો નહિ, કોઇપણ પ્રાણી દુઃખી ન થાઓ, અને આ જગત્ કર્મથી મુક્ત થાઓ, આ પ્રકારની બુદ્ધિને મૈત્રી ભાવના કહે છે

વિવેચન—"परहित चिंता मैत्री"—પરજીવોનુ હિત ચિતવ્યુ તેને મૈત્રી કહે છે અહીં પર જીવોનુ હિત ક્યારે ચિતવી શકાય ને ખાસ વિચારવા જેવુ છે.! "જ્યારે સર્વ જીવોને પોતાના મિત્ર રૂપ, કુટુંબ રૂપ મનાય" કેમકે આ સસાર સમુદ્રમા ભટકતા સર્વ જીવો બંધુપણે અનુભવેલા છે સર્વ જીવો પિતા, ભાઇ, માતા, કાકા, પુત્ર પુત્રી, સ્ત્રી અને બ્હેન પણાને બહુવાર પ્રાપ્ત થયેલા છે તેથી જગતના સર્વ જીવો મારૂ કુટુંબજ છે કિંતુ પરાયા નથી તેમ મારા શત્રુ પણ નથી આવી બુદ્ધિ જ્યારે થાય ત્યારેજ પરનુ હિત ચિતવી શકાય છે માટે સર્વને પોતાની માફક જાણીને તેના તરફ હિત બુદ્ધિ ધરવી જેમકે સમગ્ર જીવોના રાગ દ્વેષરૂપ દુઃખો નાશ પામો એટલે સર્વ વીતરાગ થઇ જાઓ? સર્વ જીવો સમતા રસનુ પાન કરો! અને

સર્વત્ર સર્વ પ્રાણીઓ સુખી થાઓ! આ પ્રમાણે હિત બુદ્ધિ ધરવાથી મૈત્રી પણું થાય છે મ્હોટી શાંતિમા એજ કહ્યુ છે કે **शिवमस्तु सर्व जगतः परहित निरता भवन्तु भूतगणाः॥ दोषाः प्रयांतुनाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः॥१॥**

સર્વ જગતનુ કલ્યાણ થાઓ! સર્વ જીવ સમૂહ પારકુ હિત કરવામાં તત્પર બનો! સર્વ દોષો નાશ પામો! અને સર્વ ઠેકાણે સર્વ લોકો સુખી થાઓ! કોઇ આપણા ઉપર ક્રોધ કરે તોપણ તેના ઉપર ક્ષમા (મૈત્રીજ) રાખવી જોઈએ પણ તેના તરફ શત્રુ બુદ્ધિ થવી જોઇએ નહીં કેમકે અહીં કેટલો વખત રહેવાનુ છે? થોડો વખત રહી આખર બધુ છોડી ચાલ્યા જવુ છે તો ફોકટ બીજા ઉપર વૈર રાખવાથી શું ફાયદો! આમ વેરી ઉપર પણ ઉત્કૃષ્ટ ક્ષમા અને મૈત્રી રાખનાર મેતાર્યમુનિ, ખધકમુનિ, ગજસુકુમાલ, ચિલાતી પુત્ર, અચ્ચ-કારી ભટ્ટા અને શ્રી મહાવીર પ્રભુએ કેવુ પદ પ્રાપ્ત કર્યું છે? મને દુઃખ આપનાર બિચારો દુખી થાશે આમચિંતવતા પ્રભુને આંખમા આસુ આવી ગયા હતા **ईषद्बाष्पार्द्रे, योर्भद्रं श्रीवीरजिन नेत्रयो.** ॥ માટે પોતાનો સ્વાર્થ ન વિચારતા પર હિતનીજ વિચારણા કરવાથી આખી દુનિઆને બધુ તરીકે માનવાથી સમત્તા પ્રાપ્ત થાય છે. અને તેથી યાવત્ મુક્તિ સુખ મેલવી સચ્ચિદાનદીથ વાય છે. માટે આ ભાવના સદૈવ ભાવો.

પ્રથમ ભાવના સંપુર્ણ.

બીજી પ્રમોદ ભાવના.

अपास्ताशेषदोषाणां, वस्तुतत्वावलोकिनाम् ॥
गुणेषुपक्षपातोयः सःप्रमोदःप्रकीर्तितः ॥१॥

અર્થ—જેમણે સમગ્ર દોષો દૂર કર્યા છે, અને વસ્તુ તત્વને જેઓ જોઇ રહ્યા છે તેઓના ગુણોને વિષે જે પક્ષપાત કરવો તે પ્રમોદ ભાવના કહેવાય છે ૧

વિવેચન—"भवेत्प्रमोदो गुणपक्षपातः" ગુણનો પક્ષ ગ્રહણ કરવો તે પ્રમોદ ભાવના જેમકે ક્રોધ, માન, માયા લોભ, રાગ, દૂષાદિ મહાન્ દોષોનો નાશ કરી, અનેક ઉપસર્ગો સહન કરી, આત્મ વીર્ય ફેરવી નિર્મલ ધ્યાન ધારા ઉપર ચડી સર્વ કર્મ ક્ષય કરી તીર્થ કર પદ પ્રાપ્ત કરી મોક્ષ સમીપ જઈ રહ્યા છે એવા શ્રી વીતરાગ પરમાત્માને ધન્ય છે? પર્વત, અરણ્ય, ગુહાઓમાં રહી ધર્મ ધ્યાનમાં તલ્લીન બની શાત રસને ઝીલતા, મહા તપસ્યાઓ કરનારા, શ્રુત સિદ્ધાતમા મગ્ન રહેનારા, જિતેદ્રિય થઈ ભવ્ય જનોને ઉપદેશ દેતા જિન શાસનની પ્રભાવના કરનારા નિર્ગ્રથ મુનિવરોને ધન્ય છે! જેઓ ભૂમડલમા સર્વત્ર ઉપકાર કરી રહ્યા છે એવા સત્પુરૂષોને ધન્ય છે! આવી રીતે ગુણિજનોના ગુણોનુ સ્મરણ કરી તેમા આનદ પામવો. તે પ્રમોદ ભાવના એ ભાવનાથી ગુણ ઉપર પ્રીતિ થાય છે. અને આપણામા તે ગુણો પ્રાપ્ત થાય છે તેથીઇહિ લોક પરલોક શ્રેય સાધી શકાય છે.

બીજી ભાવના સપૂર્ણ.

ત્રીજી કરૂણા ભાવના.

दीनेष्वार्तेषुभीतेषु, याचमानेषुजीवितम् ॥
प्रतिकारपराबुद्धिः, कारुण्यमभिधीयते ॥१॥

અર્થ-દીન, દુઃખી, ભયથી વ્યાકુળ થયેલા, અને જીવિતવ્યને યાચનાર પ્રાણીઓ ઉપર તેઓનાં દુઃખાદિ ટાળવાની જે બુદ્ધિ તેને કરૂણાભાવના કહે છે. ૧

વિવેચન-પ્રાણી ખાનપાન, વસ્ત્ર, ગૃહ અલંકાર, ધન, યુવતી, પશુ, ક્ષેત્રાદિ અનેક વસ્તુઓના લોભથી જગતમા આકુળ વ્યાકુળ બની દુ.ખી થાય છે તેવા પ્રાણીઓને દુ.ખથી બચાવવા માટે વિચાર કરવો તથા ધર્મથી પતિત અને ધર્મરહિત જીવોને ધર્મ સન્મુખ કરવા નિરંતર વિચારણા કરવી તે દ્રવ્યભાવ કરૂણા કેમકે પોતાનુજ ભરણપોષણ તો કાગડાઓ, પશુઓ પણ કરે છે, પરંતુ પર જીવોને માનસિક, શારીરિક, શક્તિથી દુઃખરહિત કરવા (પરોપકાર કરવો) એ મનુષ્ય જન્મની ઉત્તમતા છે આ ભાવના ભાવવાથી અનેક પ્રાણી ભવસમુદ્ર તરી ગયા છે માટે આ ભાવના ભાવવા સતત પ્રયત્ન કરવો.

ત્રીજી ભાવના સંપૂર્ણ.

ચોથી માધ્યસ્થ્ય ભાવના.

क्रूरकर्मसुनिःशंकं, देवतागुरुनिंदिषु ॥
आत्मशंसिषुपोपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥१॥

અર્થ—કોઈ પ્રકારની ભીતિ વિના ક્રૂર કર્મ કરનારા, દેવ અને ગુરૂની નિંદા કરનારા તથા આત્મશ્લાઘા કરનારા જીવો તરફ ઉપેક્ષા કરવી તેને માધ્યસ્થ્ય ભાવના કહે છે. ૧

વિવેચન—આ જગતમાં પ્રાણીઓ અનેક પ્રકારના વિચિત્ર સ્વભાવવાળા હોય છે. કેટલાક નિરંતર ક્રૂર કૃત્યો કરવામા સુખ માને છે, કેટલાક બીજાને અસત્ય વચનથી છેતરવામાંજ આનંદ માને છે, કેટલાક અનીતિથી ધન એકઠું કરવા પ્રયત્ન કરી રહ્યા છે, કેટલાક પરસ્ત્રીમાં આસક્ત રહી ધન, શરીર અને યશનો ક્ષય કરે છે. કોઇ પ્રપંચમાંજ ધુંચાઈ રહે છે, કોઈ દેવગુરૂ, ધર્મની નિંદામાજ પોતાની સફળતા ગણે છે. આવા આવાં પાપકૃત્યો કરનારા પ્રાણી ઉપર પણ ક્રોધ કરવો ન જોઇએ કારણ આવા પ્રાણી ઉપર ક્રોધ કરવાથી શો લાભ થવાનો? સર્વ જીવો સ્વસ્વકર્માનુસારે કાર્યો કર્યાજ કરે છે જો તેઓને તે કાર્યોથી બચાવવા શક્તિ ન હોય અથવા તેને ઉપદેશ આપતા સમજાવતાં જ્યારે સન્માર્ગે ચઢતા નથી તો તે વખતે તેના ઉપર ક્રોધ સહજ આવી જાય છે. "જે મે આ રીતે સમજાવવા છતા મારૂ કહેવું સાભળતો નથી." તો તે ક્રોધ ન કરતા તેના તરફ ઉપેક્ષા કરવી તેહીજ ઠીક છે. અર્થાત મધ્યસ્થ થવુ. ૧

आत्मानभावयन्नाभि र्भावनाभिर्महामतिः ॥
त्रुटिनामभिसंधत्ते विशुद्धध्यानसंततिम् ॥१॥

આ ભાવનાઓ વડે પોતાના આત્માને વાસિત કરતાં બુદ્ધિવંત જનો ત્રુટેલી વિશુદ્ધ ધ્યાન સંતતિને પાછી સાંધી આપે છે. ઉત્તરોત્તર મોક્ષ પ્રાપ્તિ કરાય છે. ૧ इति.

श्रीमत्

तपागच्छ गगनमणि मुनिगणवृद्धिकारक श्रीमन्मुक्ति विजय
(मूलचंदजी) गणिशिष्य बालब्रह्मचारि परमपूज्य शान्त-
मूर्ति पन्यास श्री १००८ कमलविजय गणिशिष्य
पंडितप्रवर सर्वतंत्र स्वतंत्र पाखंडिमतोन्मूलक श्री-
मन्महाराज श्रीमोहनविजय सद्गुरोःप्रतापेन
शिष्याणुनामया रचित गुर्जरभाषा निबध
मनित्यादि भावना स्वरुपम् सूर्यपुर
एकोनविंशतिशताधिकैकसप्तति-
तमेसंवत्सेर श्रावणकृष्णाष्ट-
म्यां गुरुवारे समाप्तिम
गमत्.

જાહેર ખબર.

વધુ વીગત માટે હેંડબીલ વાંચો.

અમોએ સુરતમાં ગોપીપુરા બડેખાં ચકલામાં દેવચંદ લાલભાઈની ધર્મશાળામાં કેટલાએક જૈન પુસ્તકોનો જથ્થો બુકસેલર્સ તરીકે વેચવા રાખેલો છે. સુરતમાં આપણા જૈન પુસ્તકો વેચનાર એક પણ માણસ અત્યાર સુધી જોવામાં આવ્યો નથી જેથી ઉપરને ઠેકાણે સંસ્કૃત, ગુજરાતી, બાળબોધ વિગેરે પુસ્તકો મળે છે. વળી અમારે ત્યાં જ્ઞાન પ્રસારક મંડળ ત્થા દીગમ્બર જૈન ગ્રંથમાળા ત્થા ભગુભાઈ ફત્તેચંદ ત્થા નિર્ણયસાગર પ્રેસ ભીમસીંહ માણેકના ન્યાય ચંપુ, વ્યાકરણ, કાવ્ય, વિગેરે ગ્રથો મળે છે માટે એક વખત મંગાવવા અમારા નમ્ર ગ્રાહકોને વીનંતિ છે.

મળવાનું ત્થા પત્ર વ્યવહારનું ઠેકાણું:—

શા. માનચંદ વેલચંદ હાથસણીવાળા

ઠે. ગોપીપુરા બડેખાં ચકલા-સુરત.

છપાવી પ્રસિદ્ધ કર્તા—શા. માનચંદ વેલચંદ (હાથસણીવાલા.)

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ—ગોપીપુરા બડેખા ચકલા—સુરત.

છાપનાર-ઠાકોરદાસ માનસીંગ.

છાપવાનુ ઠેકાણુ-"જૈન વિજય પ્રીન્ટીંગ પ્રેસ"

ચોટાના પુલ ઉપર-સુરત.